MY OWN English

GRAMMAR, COMPOSITION & TRANSLATION EXERCISES

Book IV

Std. IV



NAIK & DESAI

Price As. 8

Publishers :—

MANGALDAS & SONS—SURAT

गुजरात विद्यापीठ ग्रंथालय

गुजराती [illegible] विभाग

[illegible] २२५०८ किंमत ०८०

ग्रंथनाम: માય આંખ ઈશ્કરા

[illegible] [illegible]

MY OWN ENGLISH

Book IV

(Containing Grammar, Translation and Composition Exercises)

Std. IV

BY

BHIMBHAI G. NAIK, B.A., S.T.C.D.

Senior Assistant Deputy Educational Inspector, Broach

AND

JIVANJI K. DESAI, B.A., S.T.C.D.

Senior Assistant Deputy Educational Inspector, Surat

Publishers

MANGALDAS & SONS

SURAT

0-8-0

First Published March 1939

[*All rights reserved*]

Printed by M. N. Kulkarni, at the Karnatak Printing Press, Karnatak House, Chira Bazar, Bombay 2 and Published by Mangaldas Harkisondas of Messrs. Mangaldas & Sons, Book-sellers and Publishers, Bhagatalao, Surat,

PREFACE

The plan of work presented in this series is based on the experience gained in the class-room for years together. It is more or less a compromise between the Direct and Translation Method. The Direct Method postulates an amount of equipment, for creating the necessary atmosphere which it is impossible for most schools to secure. The Translation Method becomes dull and mechanical. An attempt has therefore been made in this book and the rest of the series, to take up the best from each and to present it in a manner that might help an average pupil talk and write correct English.

Grammar is not sufficiently attended to in most schools following the Conversational or Direct Method ; while so much stress is laid on it in some old-type schools that the grammar lesson is quite formal and the pupils cram the rules verbatim, assimilating very little of what they have read.

Ours is a modest attempt. We have tried to prescribe as much work in each standard as can be conveniently finished in about a year, and again such as can be learnt by pupils without much spoon-feeding from others. Self-effort is thus encouraged and the pupils are led on to their work to enjoy it in the end. Varied types of exercises are therefore selected and set to enlist and sustain their interest.

Grammar and composition are mainly aimed at and suitable exercises for seat-work and translation are given to relieve monotony as also to make definite, by use and application, the knowledge gained. How far we have succeeded in our aim and efforts is left to our two judges—to the teacher, who may find in the books some method of work and teaching devices, and to the pupil, who is offered some material to work upon with ease and interest.

1st March 1939. B. G. NAIK

SURAT J. K. DESAI

CONTENTS

PART I

તમે અત્યારસુધીમાં નીચે પ્રમાણેની હકીકત શીખી ગયા છો :—

PARTS OF SPEECH

Noun :	Kind—Common, Proper, Collective, Material and Abstract. Gender—Masculine, Feminine, Neuter, Common. Case—Nominative, Objective, Possessive. Number—Singular, Plural.
Pronoun :	Kind—Personal, Relative. Gender, Number, Case } as in the case of Noun.
Adjective :	Kind—of Quantity, of Number, of Quality, Demonstrative.
Verb :	Kind—Transitive, Intransitive. Voice—Active, Passive. Tense—Present, Past, Future. ↓ Simple Continuous Perfect Number—Singular, Plural.
Adverb :	
Conjunction :	
Preposition :	
Interjection :	

એ Parts of Speech કેટલા ઉપયોગી છે એ તો તમે જોયું છેજ. ભાષા (Speech) નાં એ સાધન છે માટે એના વિના ભાષા બોલાય, લખાય કે સમજાય નહિ.

તમે એ પણ જોયું છે કે ભાષાનું અગત્યનું અંગ વાક્ય (Sentence) છે; કારણ કે વાક્યદ્વારાજ વિચાર દર્શાવી શકાય છે. આ રીતે વિચારને ભાષાની જરૂર છે. ભાષાને વાક્યની અને વાક્યને શબ્દની જરૂર છે. વાક્યોમાં વપરાયલા શબ્દોનેજ Parts of Speech કહે છે. માટે અનેકવિધ વિચારને પહોંચી વળવાને માટે Parts of Speech ના પણ અનેકવિધ ભાગ અને વિભાગ પાડવા પડે છે. (જુઓ ઉપરનો કોઠો.)

એ કોઠામાં નહિ આવેલી કેટલીક બાબતો આપણે પ્રથમ લઈશું.

LESSON I

KINDS OF PRONOUNS

(સર્વનામના કેટલાક પ્રકાર)

તમે અગાઉ Personal અને Relative Pronouns વિષે શીખી ગયા છો. હવે બીજાં કેટલાંક Pronouns વિષે વિચારીએ:—

I.—DEMONSTRATIVE PRONOUNS (દર્શક સર્વનામ).

(One, Ones ; That, Those.)

નીચે લખેલાં વાકયો વાંચો અને તેમાં Italics માં મૂકેલાં Prononus પર ધ્યાન આપો:—

1. **This is a white cap but that is a black *one*.**
2. **These are new umbrellas but those are old *ones*.**
3. **Give him a big apple but give me a small *one*.**
4. **I like white roses. He likes red *ones*.**

ઉપરનાં વાકયોમાં તમે જોયું હશે કે *one* સર્વનામનો ઉપયોગ તદ્દન જુદો છે. અહીં એ 'એક' એવા સંખ્યાવાચક શબ્દ તરીકે વપરાયો નથી. અને તેથી જરૂર હોય ત્યાં એનું બહુવચન '*ones*' પણ વપરાયું છે.

ઉપરનાં વાકયોમાં *one* અને *ones* ને બદલે '*it*' કે '*them*' સર્વનામ વાપરવાં ફાવશે નહિ. કારણ શોધો:

one કે *ones* ની પૂર્વે શું છે? (Adjective); ત્યારે એ Adjective નો વિશેષ્ય કયાં તો Noun હોઈ શકે અથવા *one* કે *ones* જેવું તદ્દન જુદા અર્થવાળું Pronoun હોઈ શકે.

2. નીચેનાં વાકયોમાં *one* કે *ones* નો ઉપયોગ કરો:—

1. **This is my new car. It is a costly car.**
2. **That is your fountain-pen. It is a pretty fountain-pen.**
3. **Those are oranges. Some of the oranges are ripe oranges and some are over-ripe oranges.**

3. નીચેનાં વાક્યોમાં Itatics માં મૂકેલાં Nouns ની જગાએ યોગ્ય Pronouns મૂકો :—

1. **We see horses everyday. But most of *the horses* are red *horses* and not black *horses.***

2. **I like an industrious boy better than a clever *boy.***

3. **He wants a white cap and not a black *cap.***

4. **I want a book with a papercover but not with a *clothcover.***

જરા વિચાર કરશો તો સમજ પડશે કે વાક્યમાં *one* કે *ones* ના ઉપયોગથી આપણી નજર અમુક વસ્તુ તરફ દોરવાય છે એટલે કે એનો અર્થ Demonstrative (દર્શક જેવો) છે. માટે આવા અર્થમાં *one* કે *ones* ને Demonstrative Pronoun કહેવું.

4. નીચેનાં વાક્યોમાં *one, he, she* કે *it* માંથી યોગ્ય સ્થળે યોગ્ય સર્વનામ મૂકો :—

1. I have a brother. My brother is four years old. My brother does not go to school.
2. My sister learns in the fifth standard. My sister is a clever girl.
3. Here is my watch. I bought my watch two years ago.
4. There are two mangoes on the shelf. Take the ripe mango but do not take the unripe mango.
5. The first prize is mine but the second prize belongs to him.

5. (THAT OR THOSE)

નીચેનાં વાક્યો વાંચો :—

This house cost me Rs. 5,000 but the house of my uncle cost him less.

હવે ઉપરના બીજા વાક્યમાં ‘ house ’ ને બદલે કયું સર્વનામ વાપરશો? અહીં ‘ house ’ શબ્દનો અર્થ પહેલા વાક્યમાં વપરાયલા ‘ house ’ શબ્દના અર્થ જેવોજ નથી. એટલે કે ‘ house ’ શબ્દ એકજ વસ્તુ બતાવતી નથી. પહેલા વાક્યમાં ‘ house ’ એટલે મારૂં ઘર અને બીજામાં મારા કાકાનું થાય. ત્યારે *it* સર્વનામ તો વપરાય નહિ. કારણ કે તેના તે અર્થવાળું નામ પાછું વપરાયું હોય તો તેને બદલે *it* વાપરવું ચાલે. જેમ કે This house cost me Rs. 5000. I built *it* two years ago.

ત્યારે હવે બીજા વાક્યમાં ‘ it ’ નો ઉપયોગ નહિ થાય તો બીજું કયું સર્વનામ વપરાય?

જુઓ, એ વાક્યમાં house પછી તેને ઓળખાવવા માટે કયું Phrase આવ્યું છે? (of my uncle); એવી વખતે ‘ one ’ સર્વનામને બદલે ‘ *that* ’ સર્વનામ વાપરવું.

નોંધ:—વિશેષણ પછીથી *one* સર્વનામ વપરાય. પણ ‘ of ’ Preposition ની મદદથી બનેલાં Phrase ની પૂર્વે *that* સર્વનામ વાપરવું. અહીં *that* એ Demonstrative Pronoun છે અને એનું બહુવચન *those* થાય છે.

6. **નીચેનાં વાક્યોમાં *that* કે *those* સર્વનામનો ઉપયોગ કરો**:–

1. The horns of a goat are straight but the horns of a sheep are twisted.

2. He gave a present of books to me and a present of toys to my sister.

3. The father of Raman is a doctor and the father of Mansukh is a merchant.

4. The God of the Hindus is not different from the God of the Muslims.

7. **નીચેનાં વાક્યોમાં *one, ones, that* કે *those* નો ઉપયોગ કરો**:—

1. The ears of a donkey are long but the ears of a horse are short.

2. A rich girl wears gold ornaments but a poor girl wears silver ornaments.

3. The taste of a lemon is sour but the taste of a fig is sweet.

4. You have written with a hard pencil but I have written with a soft pencil.

5. The colour of gold is yellow but the colour of silver is white.

8. Translate into English:—

ઘોડાના પગ લાંબા હોય છે પણ ભેંસના પગ ટૂંકા હોય છે. ડાહ્યો છોકરો માબાપને માન આપે છે પણ મૂર્ખ છોકરો તેમનું અપમાન કરે છે. કબાટમાં બે પેન્સીલ છે. લાલ પેન્સીલ તમે લો અને ભૂરી પેન્સીલ રમાને આપો. અરદેશરના બાપ જાપાન ગયા છે પણ મારા બાપ રંગુનમાં છે. મને પાકી કેરી બહુ ભાવે છે પણ કાચી કેરી ગમતી નથી.

9. કેટલીક વખત '*that*' *Relative* Pronoun તરીકે વપરાય છે અને તે who અને which બન્નેને બદલે વાપરી શકાય છે.

યાદ રાખો:—*That* નાં રૂપમાં કોઈપણ ફેરફાર થતો નથી. એટલે કે એકવચન કે બહુવચનમાં તેમજ કર્તા કે કર્મ વિભક્તિમાં *that* જ વપરાય છે. વળી *that* ની Possessive Case નથી.

10. નીચેનાં વાક્યોમાં who કે which ને બદલે *that* વાપરો:—

(1) You have not thrown away the bottle which had a hole in it.

(2) You must be kind to the old animal which served you so long.

(3) How can we render help to a girl who does not want it ?

(4) Shall you trust the man who once deceived you ?

(5) People who pray for God's mercy can not be cruel to others.

નોંધ:—Relative Pronoun *that* ની પૂર્વે Preposition આવી શકે નહિ. માટે તેવાં વાક્યોમાં that નો ઉપયોગ કરવો હોય તો Preposition વાક્યને છેડે મૂકવું. જેમ કે

The stick *with which* he beat the dog was not very strong.

The stick *that* he beat the dog *with* was not very strong.

The boy *from whom* you borrowed the book needs it now.

The boy *that* you borrowed the book *from* needs it now.

11. નીચેનાં વાક્યોમાં that વાપરો:—

(1) The man with whom you ran the race was not your equal.

(2) The thief of whom you were afraid could not escape.

12. નીચેનાં વાક્યો વાંચી યાદ રાખો કે Relative Pronoun નો antecedent બીજું Pronoun પણ હોઈ શકે:—

(1) I who am in prison am helpless.

(2) He who is wise will not disobey his teacher.

(3) You who were my friend helped me in time.

(4) That which is true cannot be untrue.

13. હવે *what* Pronoun એવું છે કે જેમાં antecedent અને Relative Pronoun બન્ને સમાઈ જાય છે. એટલે કે એ Pronoun વાપરીએ ત્યારે antecedent અને Relative Pronoun જુદાં જુદાં વાપરવાની જરૂર નથી.

What is wrong can not be right. (જે ખોટું છે તે ખરૂં થાય નહિ.)

e.g. **Take what you desire.** (જે જોઇએ તે લો.)

Let us do what we can. (બની શકે તે આપણે કરીએ)

ઉપરનાં વાક્યોમાં *What* સર્વનામના પ્રયોગ પર વિચાર કરો. એનાં કોઈ પણ antecedent નિશ્ચિત નથી. એટલે કે 'જે' એટલે શું તે આપણને ચોક્કસ ખબર નથી. આવાં અનિશ્ચિત antecedent વાળાં વાક્યોમાં *What* સર્વનામ વપરાય છે. અને તેને આપણે Compound Relative Pronoun (સંયુક્ત સંબંધી સર્વનામ) કહીએ છીએ.

What = the thing which or that which.

14. નીચેનાં વાક્યોમાં *what* નો ઉપયોગ કરો:—

e.g. **Thank God for all that He has given you.**

Thank God for what He has given you.

(1) Eat the *thing which* you want to (eat).

(2) I do not understand the *thing which* you have said.

(3) I was not satisfied with *that which* you answered.

નોંધ:—હમેશાં *What* Neuter Gender, Third Person અને Singular Number માં હોય છે.

Who, Which અને That નાં Gender, Person અને Number તેનાં antecedent પ્રમાણે ગણાય.

LESSON II

PRONOUNS (Cont.)

REFLEXIVE PRONOUNS

1. નીચેનાં વાક્યો વાંચો અને તેમાં Italics માં છાપેલાં સર્વનામપર વિચાર કરો:—

(1) The mad man threw *himself* out of the window.

(2) I was so angry with him that I could not control *myself*.

(3) The girl was playing with a knife and hurt *herself*.

(4) Look in a mirror and you will see *yourself*.

(5) They sailed on the unknown sea and lost *themselves*.

(6) Physician, heal *thyself* first.

ઉપરનાં વાક્યોમાં Italics માં છાપેલાં સર્વનામની વિભક્તિ કહો. (Objective Case, કારણકે તેનો ઉપયોગ ક્રિયાપદના કર્મ તરીકે છે.) એ કર્મમાં અને બીજાં આગળ શીખી ગયેલાં કર્મમાં શો ફેર છે? એમાંનું એકાદ વાક્ય તપાસીએ એટલે ખ્યાલ આવશે:—

પહેલું વાક્ય લઇએ:—The mad man threw himself અને The mad man threw the baby એ બેમાં શો ફેર છે? પહેલામાં પોતે પોતાને ફેંકે છે. બીજામાં તે બીજાને (છોકરાને) ફેંકી દે છે.

સામાન્ય રીતે Subject (કર્તા) અને Object (કર્મ) જુદી જુદી વસ્તુઓ હોય છે. પણ He threw himself જેવાં વાક્યોમાં કર્તા (Subject) અને કર્મ (Object) એકજ વસ્તુ છે. પણ તે એક વસ્તુના બે નોખા અર્થવાળા વિભાગ બતાવે છે:—(1) ક્રિયા કરનાર (2) ક્રિયાની અસર જેને પહોંચે છે તે. ઉપરના વાક્યમાં mad man શબ્દ બે અર્થમાં વપરાયો—(1) ફેંકનાર (2) ફેંકાનાર.

himself જેવા બીજાં કર્મો ઉપરનાં વાકયોમાં વપરાયાં છે. તેની નોંધ કરો:—

સર્વનામનાં આ કર્મ તરીકેનાં રૂપને Reflexive Pronouns (સ્વ વાચક સર્વનામ) કહે છે. Reflexive શબ્દ Reflect (પાછું ફેંકવું) ક્રિયાપદ ઉપરથી બન્યો છે. આ સર્વનામનો ઉપયોગ કર્મ તરીકેજ થાય છે, કારણકે કર્તા ક્રિયાને પોતાના પરજ ખેંચી લેછે કે પાછી વાળે છે.

2. Reflexive Pronouns નાં જુદાં જુદાં રૂપો યાદ રાખો:—

Personal Pronouns	Reflexive Pronouns
I	*Myself*
Thou	Thyself
You (Singular)	Yourself
He	Himself
She	Herself
It	Itself
We	Ourselves
You (Plural)	Yourselves
They	Themselves

3. નીચેનાં વાકયોમાં યોગ્ય Reflexive Pronoun મૂકો:—

(1) The Soldiers wounded ....

(2) Throwing .... into the fire the madman burnt .... to death.

(3) The kitten saw the dog and hid .... in a corner.

(4) We hurt .... by walking bare-footed over a rugged road.

 ૨૨૫૦૯

(5) Why don't you two cover .... in this bitter cold.

(6) I wash ....

4. નીચેનો કોઠો પૂરો કરી આપો :—

One dresses	oneself	when	one	goes	out.
I dress	....	when	I	go	out.
We dress	....	when	....	go	out.
You dress	....	when	....	go	out.
He dresses	....	when	....	goes	out.
She dresses	....	when	....	goes	out.
They dress	....	when	....	go	out.

5. હવે નીચેનાં વાક્યો વાંચો :—

(1) Who drew this picture ? I *myself* did it.

(2) We should do our work *ourselves.*

(3) You need not go there *yourself.* You may send your servant.

(4) He *himself* is in the wrong ; not I.

(5) She told me *herself* that she was fond of music.

(6) They *themselves* have called for a doctor.

ઉપરનાં વાક્યોમાં Italics માં છાપેલાં *myself* જેવાં સર્વનામોના ઉપયોગ પર ધ્યાન આપો: ક્રિયાપદના કર્મ તરીકે વપરાયાં છે? એ વાક્યમાં ક્રિયાપદ શોધી કાઢો. હવે એના કર્મ શોધવા માટે અંગ્રેજીમાં સવાલ પૂછો. તમને જણાશે કે *myself* જેવાં એ સર્વનામો કર્મ તરીકે વપરાયાં નથી. ત્યારે એનો ઉપયોગ શા અર્થે છે? પહેલું વાક્ય લો—Who drew this picture ? જવાબ:—મેં પોતે એ દોર્યું છે, બીજાએ નહિ. ત્યારે એ *myself* નો શો ઉપયોગ થયો? બોલનારને ભારપૂર્વક કહેવું છે માટે આ સર્વનામનો તેવો ઉપયોગ કર્યો. ત્યારે એ સર્વનામને આપણે Emphatic (Emphasising ભારદર્શક) Pronoun કહીશું.

6. એ ભારદર્શક સર્વનામનાં રૂપો સ્વવાચક સર્વનામનાં જેવાંજ છે. નીચેનો કોઠો પૂરો કરો:—

Singulars		Plurals	
I	myself.	We	Ourselves.
You	....	....	....
He	....	....	....
She	....	....	....
It	....	....	....

7. નીચેનાં વાક્યો વાંચો:—

(1) I saw the teacher *himself* in the matter.

(2) We told you *yourself* that it was wrong to over-fondle the boy.

(3) You spoke to the king *himself* that his son should not ill-treat the people.

(4) There was disunion among the people *themselves* and therefore foreigners conquered them.

ઉપરનાં વાક્યોમાં નામ કે સવનામને ભાર આપવા માટે Italics માં મૂકેલાં Emphatic Pronouns ધ્યાનમાં રાખો:—

પહેલાં બે વાક્યોમાં ક્રિયાપદના કર્મને ભારદર્શકની જરૂર પડી. અને છેલ્લાં બે વાક્યોમાં નામયોગીવાળા કર્મ વિભક્તિના શબ્દને ભારદર્શક સર્વનામની જરૂર પડી.

નોંધ:—Emphatic Pronouns કર્તા અને કર્મ બન્ને સાથે વપરાય છે.

Reflexive Pronouns ફક્ત કર્મ તરીકેજ વપરાય છે:—

8. નીચેનાં વાક્યોમાં italics **માં છાપેલાં સર્વનામનો ઉપયોગ** Emphasising **છે કે** Reflexive **છે તે તેની સામે લખો:—**

Emphatic ને માટે *E* અક્ષર લખવો.
Reflexive ને માટે *R* અક્ષર લખવો.

(1) The cat licks *itself* and makes *itself* clean. ....

(2) God helps those who help *themselves.* ....

(3) The boy *himself* informed me that his father was leaving for Satara. ....

(4) Whom did you, *yourself,* call ? ....

(5) Here is a cup of milk. Help *yourself.* ....

(6) I *myself* committed this mistake. ....

(7) I must punish *myself.* ....

(8) You ought to see the mother *herself,* and talk to her about her son's behaviour. ....

(9) Work *yourself* and benefit *yourself.* ....

(10) He *himself* sowed the seed. .... He must *himself* reap the fruit. ....

(11) The mother washes *herself* everyday. ....

(12) She *herself* washes her child daily. ....

(13) One must select one's best food *oneself.* ....

(14) A house divided against *itself* falls. ....

(15) She lost *herself* in grief. ....

9. ઉપર તમે જોયું કે કર્તા કે કર્મ બન્નેને Emphatic Pronouns ની જરૂર પડે છે. Possessive Case નાં નામ કે સર્વનામને પણ Emphatic Pronouns ની જરૂર પડે છે. જેમ કે–આપણે ભાર દઈ કહેવું હોય કે આ મારો પોતાનો દેશ છે તો અંગ્રેજીમાં આમ કહીએ–This is *my own* country. દરેક જણે પોતાના લોકને માટે મગરૂર થવું જોઇએ. One must be proud of *one's own* people.

હવે This is my own country વાક્યમાં my ને બદલે કોઈ નામ વાપરો. એટલે એ વાક્ય આમ થશે:—

This is Hiralal's own country.

Possessive Case **નાં નામ કે સર્વનામ પછી કયો શબ્દ તેને** Emphatic **બનાવે છે ?** (own)

નોંધ :—Possessive Case નાં નામ કે સર્વનામ સાથે Emphatic Pronoun *own* વપરાય છે. Subjective કે Objective Case નાં નામ કે સર્વનામ સાથે *himself, themselves* વગેરે છેડે 'self' કે 'selves' વાળાં Emphatic Pronouns આવે છે.

10. **નીચેનાં વાક્યોમાં** Mansukh **સાથે આવતું ભારદર્શક સર્વનામ વાપરો :—**

(1) This is the garden of Mansukh.

(2) This is Mansukh's garden.

યાદ રાખો :—પહેલા વાક્યમાં Mansukh ની Objective Case છે કારણ કે *of* Preposition પછી તે આવ્યું છે. અને બીજામાં તેની Possessive Case છે.

11. **નીચેનાં વાક્યોમાં** Italics **માં છાપેલાં નામ કે સર્વનામનાં** Emphatic Pronouns **વાપરી એ વાક્યો પાછાં લખો :—**

(1) I have lost *my* fountain-pen.

(2) You must suffer for *your* fault.

(3) This is the *school-boy's* store.

(4) We have a right to choose *our* leader.

(5) They are working against *their* interest.

(6) If we follow Gandhiji's advice *we* become happy and make others happy too.

(7) The prayer of Gandhiji is to make a heaven of hell here.

LESSON III

ADJECTIVES

તમે ચાર જાતનાં વિશેષણો (of Quality, of Quantity, of Number* and Demonstrative) વિષે શીખ્યા છો. બાકીનાં વિશેષણો હવે લઈશું :—

DISTRIBUTIVE ADJECTIVES

Each, Every, Either, Neither :

1. Read the following sentences and mark the Adjective in Italics:—

Every **school must work according to the time-table.**

Every **boy must bring his fees tomorrow.**

Each **girl kept to her seat and read her lesson.**

In ***each*** **class-room there is a chair for the teacher to sit on.**

Give ***each*** **boy a rupee and see that** ***every*** **boy gets it.**

Each અને Every બન્નેનો અર્થ દરેક થાય છે. અને એનો ઉપયોગ લગભગ સરખો છે. છતાંયે **કંઈ પણ અપવાદ** વગર દરેક એવો ભાર આપવો હોય તો ઘણું ખરું *every* વિશેષણ વપરાય છે.

અને **છૂટો છૂટો એક** એટલે કે દરેક એવો અર્થ લાવવો હોય તો 'each' વપરાય છે.

2. નીચેનાં વાક્યોમાં *each* and *every* નો ઉપયોગ ધ્યાનમાં રાખો :—

(To Teacher : Some Grammarians do not separately mention Adjective of Number. They consider them to be Adjectives of quality).

We go out for a walk *every* day in the evening.

We stayed at Abu for a week. *Each* day we visited different places in the evening.

ઉપરનાં વાક્યોમાં કંઈક નિશ્ચિત મુદત આવી હોય (જેમકે—અઠવાડિયું, મહિનો–વગેરે) ત્યારે તે અરસાના દરેક દિવસનો કે વખતનો ભાવ લાવવો હોય તો *each* વાપરવું.

3. **હવે એજ પ્રમાણે નીચેનાં વાક્યોનો ભાવ સમજો :—**

(1) *Every* man has his own way of enjoying himself.

(2) They were twenty passengers in all. *Each* one carried his own luggage.

નોંધ :—કોઈ કોઈ વાર ભાર આપવાને માટે *each* and *every* એકજ વાક્યમાં સાથે વપરાય છે. *e. g.* Each and every corner of his house was searched by the policeman.

4. **નીચેનાં વાક્યોમાં *every* અવશ્ય આવે :—**

He has fever *every* other day.

The sanitary inspector visits this place *every* third day.

The leap year falls every fourth year.

5. **આવાં વાક્યમાં *each* જ વપરાય :—**

There are two caps. *Each* cap costs eight annas.

નોંધ :—બે વસ્તુમાંની દરેક વિષે કહેવું હોય તો *each* આવે. Each of those people brought a present. *each* પછી વિશેષ્ય નહિ મૂકો તો ચાલે.

6. **નીચેનાં વાક્યોમાં *each* કે *every* મૂકો :—**

(1) Three pupils should sit at .... desk.

(2) .... boy must play by turn.

(3) Ten marks are assigned to .... question.

(4) .... word is wrongly spelt by him.

(5) .... fourth tree in the garden has not borne any fruit this year.

(6) They .... had twenty rupees to spend.

(7) The election to the board takes place .... third year.

(8) You must look for him in .... and .... part of the city.

7. નીચેનાં વાક્યોમાં *either* કે *neither* નો ઉપયોગ ધ્યાનમાં રાખો :—

You may take either book. (બેમાંથી ગમે તે એક ચોપડી લો.)

Neither mango looks ripe. (બેમાંથી એકે કેરી પાકી દેખાતી નથી.)

નોંધ :—બે વસ્તુ હોય તોજ *either* કે *neither* વપરાય.

8. નીચેનાં વાક્યોમાં *either* કે *neither* મૂકો :—

I gave him two books to read. But he did not read ....

The shopman showed me two sticks. I had no money. So I bought ....

You spoke very highly of the two boys. But I liked ....

Take .... of these (two) pens.

એક રીતે જોતાં ' Distributive Adjectives ' ને Adjectives of Number તરીકે લઇએ તો ચાલે. પણ એમાં કંઇક—બે કે વધારેમાંથી દરેક એવો—વિશેષ ભાવ છે, માટે એનો જુદો વિભાગ લેવો પડે છે.

9. either અને neither ક્યારે વપરાય તે તો જોયું. પણ બે કરતાં વધારે વસ્તુમાંથી ગમે તે એક કે એક પણ નહિ એવો અર્થ લેવો હોય તો ક્યાં વિશેષણ વાપરવાં તે માટે નીચેનાં વાક્યો વાંચો :—

No **candidate out of these five is found fit for the post.**
You may take *any* book out of these ten.

10. નીચેનાં વાક્યોમાં *either, neither, any* કે *no* વાપરો :—

(1) Both the boys have returned. You may send for ....

(2) Three rooms are vacant. You may occupy ....

(3) Ten persons ran after the thief but .... one could catch him.

(4) .... of these two boys will come out successful. They have whiled away their time.

(5) We did not have .... holiday, this week.

(6) .... boy went out to witness the match.

(7) To-day .... boy has come yet.

નોંધ :—each, every, either અને neither, એકવચનમાંજ વપરાય છે.

Interrogative—Exclamatory and Proper Adjectives.

11. 'Adjectives are added to Nouns' એ વ્યાખ્યા લેતાં નીચેનાં વાક્યોમાં Italics માં મૂકેલા શબ્દો વિશેષણ કહેવાય :—

What **kind of boy is he ?**
Which **book do you prefer ?**
What **a sight it was !**
What **a fool I was !**

પહેલાં બે વાક્યો પ્રશ્નાર્થ છે માટે *what ?* અને *which ?* Interrogative Adjective કહેવાય.

છેલ્લાં બે વાક્ય ઉદ્ગાર (Exclamation) છે માટે તેમાં *What* એ Exclamatory Adjective કહેવાય.

નોંધ :—Interrogative Adjective *what* નો ઉપયોગ ગુજરાતી શબ્દ ' **કયો** ' નો સામાન્ય ભાવ લાવવાને માટે વપરાય છે. પણ *which* નો ઉપયોગ **ઘણામાંથી** કયો એમ કંઇક પસંદગી બતાવવા માટે વપરાય છે. જેમકે,

I gave you five books to read. It seems you have not read all. *Which* books did you read ?

વળી ' એમાંથી કયો ' નો અર્થ લાવવા માટે તો *Which* અવશ્ય વાપરવું. જેમકે, (There are two boys.) *Which* boy is your brother ? (There are two cars.) *Which* car belongs to you ?

12. Rewrite the following sentences after using *what* or *which* in them :—

Name the places you visited last year.

Name the places you liked the most.

Show me the way which leads to the station.

Tell me the name of the boy who is absent today.

13. Fill in the blanks with *which* or *what.*

(1) .... sort of people are they ?

(2) .... river in India is the longest ?

(3) .... things are lying there ?

(4) With .... hand do you eat ?

(5) To .... side should we keep ?

(6) .... amount of money will be required ?

14. Notice the Adjectives in the following sentences :—

A *Himalayan* mistake means a very great mistake.

The *Gangetic* valley is very fertile.

The *Indian* army showed its valour in the Great War.

Tell us something about the *Spanish* War.

Irish people have their mother-tongue different from the English.

ઉપર Italics માં મૂકેલાં વિશેષણો Adjective of Quality માં આવી શકે. છતાં પણ એ Proper Nouns ઉપરથી બન્યાં છે માટે એને કેટલાક Proper Adjective કહે છે.

15. Insert *Proper Adjectives* in the following sentences :—

(1) The tea grown in India is called the .... tea.

(2) The wine coming from France is usually called the .... wine.

(3) .... live in Australia.

(4) The forests in the Himalaya are named the .... forests.

LESSON IV

TENSES OF VERBS

Present and Past Perfect Continuous.

You have read the following sentences in your English books :—

Sita *has been working* since morning. (સીતા સવારથીજ કામ કરી રહી છે.)

2. He saw that the lawyer *had been writing* out from seven o'clock in the morning. (તેણે જોયું કે વકીલ સવારના સાત વાગ્યાથી લખલખ કર્યા કરતા હતા.)

3. You *will have been driving* for two hours. (બે કલાક સુધી તમે હાંક્યાજ જશો.)

Italics માં મૂકેલાં ક્રિયાપદ પર વિચાર કરો. એમાં પૂર્ણ કાળની સાથે ચાલુ કાળનો ભાવ રહેલો છે. અને તેથી To have સહાયકારીની સાથે To be સહાયકારી લઈ મૂળ ક્રિયાપદનું વર્તમાન-કૃદંતનું રૂપ લીધું છે.

નોંધ:—જ્યારે કોઈ પણ ક્રિયા અમુક વખતના પહેલાના વખતથી શરૂ થઈ તે વખત સુધી બનતી રહી છે (રહી હતી કે રહી હશે) એમ બતાવવું હોય ત્યારે ઉપર પ્રમાણેના કાળમાં ક્રિયાપદનાં રૂપ લખવાં.

(1) ભૂતકાળથી શરૂ થઈ અત્યારસુધી એ ક્રિયા ચાલતી આવતી હોય તો Present Perfect Continuous વાપરવો.

(2) ભૂતકાળથી શરૂ થઈ ભૂતકાળમાંજ અમુક વખત સુધી ક્રિયા ચાલુ રહેલી હોય તો Past Perfect Continuous વાપરવો.

(3) ભવિષ્યકાળમાં અમુક વખતથી તે શરૂ થઈ ત્યાર પછીના અમુક વખત સુધી ચાલતી આવતી રહેશે તો Future Perfect Continuous વાપરવો.

યાદ રાખો કે પૂર્ણ કાળ અને ચાલુ કાળ વાપરતી વખતે જે જે બાબતો ધ્યાનમાં લેવાની હોય છે તે તે બાબતો આ કાળમાં ધ્યાનમાં રાખવાની હોય છે.

2. નીચેનાં વાક્યમાં શાશા તફાવત છે તે જણાવો:—

(1) I work for one hour in the morning.

(2) I have worked for one hour.

(3) I am working now.

(4) I have been working for one hour.

3. Fill in the blanks :—

He came here at eleven. We .... sitting here since then.

Our school begins at eleven. We have the short recess at 12-20. So we .... learning from 11 to 12-20.

They had morning school yesterday. They dispersed at 10-30. The teachers .... teaching them all along.

4. Translate into English :—

ચાર વરસ થયાં અમે અહીં રહીએ છીએ. બે કલાક થયાં તેઓ ત્યાં ઊભા રહ્યા છે. ચાલીશ માઈલની ઝડપે આગગાડી દોડી રહી છે. અર્ધા કલાક થયાં તેઓ ખા, ખા, કર્યા કરે છે.

બે કલાક ચાલ, ચાલ કર્યા પછી તેઓ આરામ લેવા બેઠા. રાત્રે ત્રણ કલાક સુધી તેઓએ વાંચ, વાંચ કર્યા કર્યું એવું અમને માલુમ પડ્યું. અમે જાણતા હતા (knew) કે મગન આઠ વાગ્યાથી તે દશ વાગ્યા સુધી લખ, લખ કર્યા કરતો હતો.

કાલે તે સાતથી નવ સુધી કામ કર્યા કરતો હશે. તે નવ વાગે ચીતરતો હશે. તે અગિયાર વાગે ચીતરતો હશે. તે નવથી અગિ-યાર સુધી ચીતર્યા કરતો હશે.

તું એટલો બધો થાકી જશે કે કલાકોના કલાકો સુધી ઊંઘ, ઊંઘ કર્યા કરશે.

5. નીચેનાં વાક્યોમાં ક્રિયાપદોનો કયો કાળ છે તે લખો:—

(*a*) He goes. (2) He is going. (3) He has gone. (4) He has been going.

(*b*) (1) He learnt. (2) He had learnt. (3) He was learning. (4) He had been learning.

(*c*) (1) He will come. (2) He will have come. (2) He will be coming. (4) He will have been coming.

6. ઉપર પ્રમાણે to play ક્રિયાપદનાં ત્રણે કાળનાં ત્રીજા પુરૂષ બહુવચનનાં રૂપો લખો.

LESSON V

MOODS OF VERBS

7. તમે ત્રણ જાતનાં વાક્યો—Statements, Questions and Commands—વિષે શીખી ગયા છો.

Go (command).

Kindly post this letter. (command)

He can go. He will go. He goes. He has gone. (Statements)

એ વાક્યોમાં ક્રિયા કઈ રીતે કહેવાઈ છે તે પર વિચાર કરો:—

પહેલાં બે વાક્યોમાં કંઈક આજ્ઞાનો અર્થ રહેલો છે; ત્યારે બાકીનાં વાક્યોમાં નિશ્ચિતપણાંનો અર્થ રહેલો છે.

8. નીચે આપેલાં Statements માં વપરાયલાં ક્રિયાપદનો અર્થ જુઓ:

Gaman may return. He may bring the book. He may forget it.

એ વાક્યોનો અર્થ તપાસતાં તેમાંથી અનિશ્ચિતતા એટલે સંશયનો અર્થ નીકળે છે. એ રીતે જોતાં વાક્યમાં વપરાયલાં ક્રિયાપદનાં ત્રણ અર્થ નીકળે છે.

(1) આજ્ઞાર્થ (Imperative Mood)

(2) નિશ્ચયાર્થ (Indicative Mood)

(3) સંશયાર્થ (Subjunctive Mood)

The Mood means the mode or manner of saying a thing.

Mood એટલે રીત. ક્રિયાપદમાંથી નક્કીપણાનો કે સંશયનો કે આજ્ઞાનો અર્થ નીકળે છે તે બતાવનારી રીતને Mood કહે છે.

3. Find the Moods of the verbs in the following sentences :—

Govind, call your brother.
Govind calls his brother.
The brother may come.
He will not come.
Ashabhai can run a mile at a stretch.
Sarojini must be here at five.
Sudamini should please her parents.
She should not have disobeyed their order.
Wait or you will be caught in the storm.
Start immediately and you will not miss the train.
Let me read. Do not disturb me. Be gone. Let it be done.

4. નીચેના Questions માં વપરાયેલાં ક્રિયાપદના Moods કહો :—

Who made the noise ?
Why did you make it ?
Do you not know that you should sit quietly in the class ?

એ ક્રિયાપદોમાં પણ Statements માં જે ક્રિયાપદો વાપરીએ તેનાં તેજ જરા જુદે સ્થળે મુકાય છે. વળી એમાં નિશ્ચિતતાનો અર્થ છેજ માટે એ *Indicative Mood* નાં ક્રિયાપદો કહેવાય.

5. નીચેનાં Questions માં Subjunctive Mood નાં ક્રિયાપદો છે. શા માટે તે સમજાવો :—

Who may come now ?
What may he ask you ?
Why may he not ask you for a loan of a rupee ?
When may he go back ?

Remember—In a command the verb is always in the Imperative Mood. In a statement or a question the verb may be in the Indicative or the Subjunctive Mood.

6. Read the following sentences and find out the Moods of the Verbs in Italics :—

If you *find* time, please see my brother.

If we *work* hard, we shall be able to finish it.

I will not leave this place even though you *beat* me.

Do not shout lest they *wake* up.

I will not return your book unless you *return* mine.

એ બધાં ક્રિયાપદોમાં નિશ્ચયપૂર્વક કંઈ પણ કહ્યું નથી. એટલે કે અમુક અમુક બનશેજ એમ એમાં કહ્યું નથી પણ ‘ અમુક બને તો ’ એવું કંઈક ધારી લીધું છે. આવાં વિકલ્પાત્મક વાક્યોમાં Subjunctive Mood વાપરવો પડે છે.

13. Read the following sentences and say whether the Indicative Mood is used there or the Subjunctive :—

(It is a fact that Chandu and Chiman are coming to-morrow.)

If they *are coming* you must go to receive them.

(It is true that the sun is very hot.)

If it *is* very hot you should wait for sometime.

The Arab did not sell his horse even though he *was* very poor.

The farmer went to his field even though the weather *was* stormy.

ઉપરનાં ચારે વાક્યોનાં *if* કે *though* થી શરૂ થતાં ઉપવાક્યોમાં અનુમાન નથી પણ ‘અમુક બાબત છેજ’ એમ નક્કીપણું છે માટે Indicative Mood **વપરાયો છે.**

ત્યારે *if* કે ***though*** (although) થી શરૂ થતાં ઉપવાક્યોમાં Indicative Mood વાપરવો કે Subjunctive Mood તેની ખાત્રી વાક્યના સંબંધ પરથી કરી લેવાય છે.

સામાન્ય રીતે Subjunctive Mood બતાવવા માટે વર્તમાન કાળમાં સહાયકારક ક્રિયાપદ may અને ભૂતકાળમાં might લેવું, પણ if, though, lest અને unless એ Conjunctions જોડે may કે might મૂકવાની જરૂર નથી.

14. નીચેનાં વાકયોનો અર્થ ધ્યાનમાં રાખો :—

If he *were* present here, he would rebuke you. (જો તે અહીં હોત તો તમને ઠપકો આપત.)

If I *had* wings, I should fly there. (મને પાંખ હોય તો ત્યાં ઊડીને જાઉં.)

If you *were* a king, what would you do to please your people ? (જો તમે રાજા હો તો પ્રજાને રાજી રાખવાને શું કરો ?)

If the sun *were* not to rise to-morrow everybody would die.

(સૂરજ કાલે ન ઉગે તો દરેક મરી જાય.)

ઉપરનાં એક વાકયમાં ભૂતકાળ વપરાયો છે છતાં ક્રિયા ભૂતકાળની નથી. કેવળ **માની લીધેલી બાબત** હોય તો શું થાય એ બતાવવા અંગ્રેજીમાં if થી વાકયની શરૂઆત કરી ક્રિયાપદ ભૂતકાળમાં વાપરવું. જેમ કે–પહેલા વાકયમાં તે અહીં નથી છતાં માની લઈએ કે તે હોય તો—છેલ્લામાં સૂર્ય તો કાલે ઉગવાનો છે જ છતાંએ માની લઇએ કે જો તે નહિ ઊગે તો.

ઉપરનાં વાકયોમાં એકવચનના કર્તા સાથે બહુવચનનું ક્રિયાપદ વપરાયું છે તે ધ્યાનમાં રાખો. જેમ કે,

If he were . . . . If the sun were . . . . વગેરે.

પહેલાં બધાંજ ક્રિયાપદો એકવચનના કર્તા સાથે બહુવચનમાં વપરાતાં; પણ ધીરે ધીરે તે ઉપયોગ કમી થતાં આજ લગભગ To be ક્રિયાપદ સાથેજ એ ઉપયોગ તમારા વાંચવામાં આવશે.

15. નીચેનાં વાક્યોમાં ઉપર પ્રમાણેની Subjunctive Mood વાળી વાક્યરચના વાપરી નવાં વાક્ય લખો. નમૂનો આપ્યો છે.

He is not to be my friend. He will not help me.

If he were my friend he would help me. **(Sub. Mood).**

(1) I am not rich. I can not buy such a costly watch.

(2) My friend is not here. So I am helpless.

(3) You have no umbrella. You can not lend me one.

(4) He has no issue. He does not feel happy.

(5) I am not a Hitler. I can not bring about all these changes at once.

16. Subjunctive Mood ના ભૂતકાળના એક વિચિત્ર ઉપયોગ વિષે તમે ઉપર શીખ્યા. હવે તેના પૂર્ણભૂતકાળ (Past Perfect Tense) નો ઉપયોગ લક્ષમાં રાખો :—

If the doctor *had not been called in,* the patient would have felt miserable. (ડાક્ટરને વખતસર બોલાવવામાં ન આવ્યા હોત તો દરદી બહુજ મુંઝાત.)

If you *had not joined* any school, you could not have learnt much at home. (તમે કોઈ પણ નિશાળમાં બેઠા ન હોત તો તમે ઘર આગળ બહુ ભણી શક્યા ન હોત.)

If the Congress *had not* formed the ministry what would have been the result in Bombay ? (કોંગ્રેસે પ્રધાન મંડળ ન રચ્યું હોત તો મુંબઈમાં શું પરિણામ આવત ?)

(To the Teacher.—It is not necessary to enter into the niceties of the Subjunctive Mood as it was originally used. It has now been almost replaced by the Indicative Mood. Hence, if at all some unusual construction like "If I be . . . . If he go . . . ." occurs in the text-book, the pupils may be instructed that such construction is seldom used nowadays. Even the Future Tense "If he should go . . . ." "If I should go . . . ." etc. is being replaced by the Future Tense *e.g.* If you go there you will see it. If he is coming next week, he will surely see you).

If the train *had arrived* in time, we could have reached there before sunset. (ગાડી વખતસર આવી હોત તો આપણે ત્યાં સૂર્યાસ્ત પહેલાં પહોંચ્યા હોત.)

ઉપરનાં બધાં વાકયોમાંથી એ અર્થ નીકળે છે કે ભૂતકાળમાં અમુક બન્યું હોત કે બન્યું ન હોત તો અમુક અમુક પરિણામ આવ્યું હોત કે ન હોત. પણ તેવું થયું નહિ એટલે ધારેલું પરિણામ આવ્યું નહિ. જેમકે—પહેલા વાકયમાં ડાકટર નહિ બોલાવ્યો હોત તો દરદીને દુઃખ થાત—પણ ભાવાર્થ એ નીકળે છે કે ડાકટર આવ્યો અને દરદીનું તે દુઃખ અટકયું.

17. નીચેનાં બે વાકયોનો તફાવત જુઓ. એટલે આ ઉપયોગ વધુ સ્પષ્ટ થશે :—

If I had wings, I should fly.

આમાં ભૂતકાળની વાતજ નથી. પણ વર્તમાન કાળનીજ વાત છે, અને તે બનવાની નથી. જેમકે પાંખ હોય તો હું ઉડુંને. મને પાંખ છે નહિ એટલે મારાથી ઉડાય પણ નહિ.

If there had been airships formerly, people would have flown from place to place.

આમાં તો કેવળ ભૂતકાળનીજ વાત છે. જેમકે અસલ વિમાનો ન હતાં એટલે લોકો એક સ્થળેથી બીજે સ્થળે ઉડીને જતા નહિ; હોત તો તેઓ જરૂર ઉડીને જાત.

18. નીચેનાં વાકયોમાં ક્રિયાપદને Subjunctive Mood અને Past Perfect Tense માં વાપરો. નમૂના આપ્યા છે :—

1. It rained in time. The crops did not wither.

If it had not rained in time, the crops would have withered.

2. It did not rain, when necessary. The crops withered.

If it had rained when necessary, the crops would not have withered.

(*a*) The sailor was quick and clever. We were not drowned.

(*b*) The Mahut came up at once. The elephant was brought under control.

(*c*) The Indian army reached the battle-field at the right moment. The rush of the German army was arrested.

(*d*) There were cool breezes at times. The heat of the sun was bearable.

18. State in Gujarati the difference between the following pairs of sentences :—

(1) If there were no land, people would not live. If there had been only water, no animal living on land would have been born.

(2) If there were no air, every one would die. If there had been no air, no one would have ever lived.

(3) If there were no fire, our food would be different. If Prometheus had not discovered fire, we would have remained very wild.

19. Forms of the verb To be. (1st person singular)

Simple	*Indicative Mood*	*Subjunctive Mood* સામાન્ય રીતે વપરાતાં	કોઈ કોઈ વાર વપરાતાં
Present	I am	I am	If .... I be
Past	I was	I was	I were
Future	I shall be	I shall be	I should be

Continuous—not used.

Perfect		
Present	I have been	Indicative Mood પ્રમાણેજ
Past	I had been	
Future	I shall have been	I should have been

Perfect continuous—not used.

નોંધ:—To be સહાયકારી હોય ત્યારે તેનાં ચાલુ (continuous) કાળનાં રૂપ લેવાં પડે છે

20. Forms of To eat (Subjunctive Mood) (Third Person Singular)

Simple	*Active Voice* (If ....)	*Passive Voice* (If ....)
Present	He eats	It is / be eaten
Past	He ate	It was / were eaten
Future	He will eat	It will / should be eaten
Continuous		
Present	He is eating	It is being eaten
Past	He was eating	It was / were being eaten
Future	He will / should be eating	(not used)
Perfect		
Present	He has eaten	It has been eaten
Past	He had eaten	It had been eaten
Future	He will / should have eaten	It will have been eaten
Perfect Continuous		
Present	He has been eating	(not used)
Past	He had been eating	
Future	He will / should have been eating	

*To the Teacher—It will be seen that very little distinction is made between the forms of the Indicative Mood and the Subjunctive Mood since that is the current use as stated previously.

LESSON VI

VERBS OF INCOMPLETE PREDICATION

નીચેનાં વાક્યો વાંચો :—

He is. (તે છે.)

He looks.
He appears.
He feels. } (તે દેખાય છે; લાગે છે.)

ઉપરનાં વાક્યોના અર્થ તમને સમજાતા નથી. એટલે અર્થ પૂરો કરવા કેટલાક શબ્દો મૂકવા પડશે. *e. g.* પહેલા વાક્યમાં તમે પૂછશો કે What is he ? (તે શું છે ?) અથવા What is he like ? (તે કેવો છે ?)

જવાબ આમ આવે :—

He is a boy—a pupil etc.

or

He is good—tall etc.

યાદ રાખો :—How is he ? થી સવાલ પૂછો તો તેનો અર્થ એમ સમજાય કે તેની તબીઅત કેમ છે ? અને તેનો જવાબ He is well. He is not quite well વગેરે આવે.

ત્યારે ક્રિયાપદનો અર્થ પૂરો કરવા જે શબ્દો મૂકાય છે તેને અંગ્રેજીમાં *Complement* (ક્રિયાપૂરક) કહે છે. અને જે ક્રિયાપદને Complement ની જરૂર પડે છે તેને *Verb of Incomplete Predication* કહે છે.

2. નીચેના સવાલોના બને તેટલા જવાબ આપો,—

What does he look / appear / feel like ? (sad, happy etc.)

3. હવે તમે કહેશો કે ક્રિયાપદનો અર્થ સમજવા માટે જે શબ્દ મુકાય છે તે તો કર્મ (Object) પણ હોઈ શકે. *e. g.* Magan calls Raman. ત્યારે Magan is a boy અને Magan calls Raman એ વાક્યોમાં એક Complement કેવી રીતે અને બીજું Object કેવી રીતે ?

યાદ રાખો :—સકર્મક ક્રિયાપદને જ Object હોઈ શકે. *e. g.* call એ સકર્મક ક્રિયાપદ છે. પણ to be (is) કદી સકર્મક ક્રિયાપદ થઈ શકે નહિ. વળી વધુ યાદ રાખો કે Transitive Verbs માં Subject અને Object હમેશાં બે જુદી વસ્તુ હોય છે ત્યારે Intransitive Verbs માં Subject અને Complement હમેશાં એકજ હોય છે. જુઓઃ Magan calls Raman એમાં બોલાવનાર Magan એ Subject છે અને જેને એ બોલાવે છે તે Raman, Object છે, અને તે બીજો છોકરો છે. એટલે કે Magan અને Raman એ જુદા જુદા બે છોકરા છે. હવે Magan is a boy એ વાક્ય સમજવું ઘણું સહેલું પડશે. Magan અને boy એ બન્ને શબ્દો એકજ છોકરા માટે વપરાયા છે.

4. Underline the verbs of Incomplete Predication in the following sentences :—

(1) He looks at me.
(2) He looked ill yesterday.
(3) He feels his pocket for a knife.
(4) He felt very sad to see the sight.
(5) He looks angry. We do not know why.
(6) The clouds appear and disappear in May.
(7) The clouds appear gloomy.
(8) He is ill. He has not come out.
(9) She is a sickly girl.
(10) Prove that God is.
(11) He turned a leaf.

(12) Bhartrihari turned a hermit.
(13) Asoka became a wise ruler.
(14) Damayanti seemed happy.
(15) It is Mohan.
(16) The answer proved wrong.
(17) Prove your story.
(18) My mother has fallen ill.
(19) The baby has fallen asleep.
(20) The baby has fallen down.
(21) He went mad to hear the sad news.
(22) He went from place to place.
(23) The trees have grown thick.
(24) Trees grow in the garden.
(25) The gardener grows trees in his garden.
(26) Continue the story.
(27) He continues ill.
(28) Two boys have remained.
(29) We have remained true.
(30) Keep your word.
(31) Keep true to your word.

You have seen that some Intransitive Verbs are of incomplete Predication and they require a complement to complete the sense.

5. Read the following sentences :—

I The Carpenter made the table. (સુતારે પેટી બનાવી.)
They made him *king*. (તેઓએ તેને રાજા બનાવ્યો.)

II We have called you. (અમે તમને બોલાવ્યા છે.)
They have called you a *fool*. (તેઓએ તમને મૂર્ખો કહ્યો છે.)

III I found a rupee. (મને રૂપિયો જડ્યો.)

The teacher found me *innocent.* (શિક્ષકને હું નિર્દોષ માલુમ પડ્યો.)

Say whether the Verbs used above are Transitive or Intransitive.

ત્યારે એ દરેક સકર્મક ક્રિયાપદનો ઉપયોગ તપાસો:—Italics માં મૂકેલો શબ્દ છોડી દઈ તે વાક્ય વાંચો. વાક્યનો અર્થ બરાબર સમજાશે ?

Some Transitive Verbs are also Verbs of Incomplete Predication and they require a complement to complete the sense :

6. Underline the verbs of Incomplete Predication and also the Complements in the following sentences :—

(1) Have you considered the report ?
(2) I consider it false.
(3) We have elected him chairman.
(4) Why have you not elected another man ?
(5) I do not make him my enemy.
(6) I want you now.
(7) I want you to go just now.
(8) Name the country which exports rubber.
(9) We have named him Gaman.
(10) He has played for one hour.
(11) He has played me false.
(12) He is striking me.
(13) He can not strike me dead.

Transitive Verbs having two Objects.

7. Read the following sentences and name the Objects :—

1. Bring an umbrella.
Bring Chhotu an *umbrella.*

2. I teach you.
   I teach pupils *English.*
3. Forgive me.
   I forgive you your *fault.*
4. Have you bought the book ?
   I have bought him the *book* ?

દરેકના પહેલા વાક્યના ક્રિયાપદને એકજ કર્મ છે. પણ બીજા વાક્યમાં તેજ ક્રિયાપદને બે કર્મ છે. તેમાં Italics માં મૂકેલો કર્મ Direct કહેવાય છે અને બીજો (Underlined) Indirect કહેવાય છે.

એ વાક્યો બીજી રીતે લખીશું તો Direct અને Indirect કર્મનો ભેદ તમને સમજાશે.

(1) Bring an umbrella *to* Chhotu.
(2) I teach English *to* pupils.
(3) I forgive your fault *to* you.
(4) I have bought a book *for* him.

બે કર્મમાં એકને Indirect કેમ કહ્યો તે હવે સમજાશે. વાક્યને બીજી રીતે લખીએ તો Indirect Object ની પૂર્વે Preposition મૂકી શકાય.

8. Insert the Direct Object in the following sentences :—

(1) You have asked us . . . .
(2) She wrote her mother a . . . .
(3) The news of my success caused me . . . .
(4) You should not refuse him his . . . .
(5) Tell us a good . . . .

9. Put in the Indirect Object :—

(1) Please lend . . . . your bicycle.
(2) Who will pay . . . . a rupee ?

(2) Show ...... the way.
(4) Fetch .... water.
(5) Will you please grant .... leave for two days ?

10. Name the Direct and Indirect Objects in the following sentences :—

(1) My father has forbidden me the company of bad boys.
(2) Who has sold you this watch ?
(3) The carpenter has made me this cup-board.
(4) My father has left me this property.
(5) Do me the favour of coming to my home.
(6) I can not promise you a holiday to-morrow.
(7) Will you please send him an invitation ?
(8) He can not allow us ten days' absence.
(9) I owe you one rupee.
(10) Please share them this trouble.

Cognate Objects to Intransitive Verbs

11. Read the following sentences :—

He ran.	He ran ten *runs*.
He laughs.	He laughed a hearty *laugh*.
They fight.	They fight a brave *fight*.
They will die.	They will die a shocking *death*.

ઉપર લખેલાં run, laugh વગેરે ક્રિયાપદો અકર્મક છે. છતાંયે બીજા ખાનામાં બતાવ્યા પ્રમાણે કોઈ કોઈ વાર તેની સાથે કર્મ વપરાય છે. પણ એ કર્મનો ઘણો ખરો અર્થ ક્રિયાપદમાંજ આવી જાય છે. *e. g.* He laughs. They fight. એમાં હસવાનો કે લડવાનો અર્થ ક્રિયાપદમાં આવી જાય છે. તોયે તે હસવાનું હસે છે, લડાઈ લડે છે વગેરે કર્મ તરીકે જુદું બતાવાયું છે. પણ એ કર્મ કંઈક જુદી જાતનો છે માટે એને *Cognate* Object કહ્યો છે. (Cognate = એકજ જાતનો).

12. Find out the *Cognate* Objects in the following sentences :—

(1) He sighed a sigh of relief to hear the good news.
(2) Where do you look ? You look a look of fright.
(3) Is the child sleeping ? She is sleeping a sound sleep.
(4) He is praying to God. He is praying a sincere prayer.
(5) Do not shout. Why do you shout a shout of agony ?

LESSON VII

VOICE

તમે ત્રીજા પુસ્તકમાં શીખ્યા છો કે ક્રિયાપદને Active કે Passive Voice હોય છે. અને ફક્ત Transitive Verbs નું Passive Voice થાય છે. Intransitive Verbs તો Active Voice માંજ રહે છે. તમે એ પણ શીખી ગયા છો કે એ Active કે Passive Voice માં ક્રિયાપદ મૂકવાથી વાક્યના અર્થમાં બહુ ફેર પડતો નથી. તોયે કંઇક ફેર છે તે હવે જોઇશું:—

The child ate an apple.

An apple was eaten by the child.

પહેલા વાક્યમાં child પર આપણું લક્ષ વધુ દોરાય છે, ત્યારે બીજામાં apple ઉપર. માટે સામાન્ય નિયમ એવો છે કે જ્યારે વાક્યમાં ક્રિયાના કરનાર—The doer of the action—વધારે અગત્યનો ભાગ બતાવતો હોય ત્યારે Active Voice વાપરવો. પણ જ્યારે કર્મ પર વધારે ધ્યાન આપવું હોય ત્યારે Passive Voice વાપરવો. એટલે કે When the doer acts (*i. e.* does something) એ બાબત આગળ લાવવી હોય ત્યારે Active Voice વાપરવો; પણ When something is being done by the doer એ બાબત આગળ પડતી હોય ત્યારે Passive Voice વાપરવો.

૨. નીચેનાં વાક્યોમાં Passive Voice વાપરવો કેમ વધારે સારો છે તે શોધી કાઢો.

The first battle of Panipat was fought years ago.

The boy was punished for his fault.

The old house was pulled down.

Gold is dug out of the mine.

America was discovered about four hundred years ago.

તમે શીખ્યા છો કે ક્રિયાપદના ત્રણ Mood છે. Indicative, Subjunctive and Imperative. Indicative and Subjunctive Mood ના રૂપમાં નહિ જેવો ફેર છે માટે તેનાં Passive Voice નાં રૂપો બનાવવાં અઘરાં પડશે નહિ.

3. Use the Passive Voice in the following sentences :—

(1) If you give a rupee to me, I shall be very happy.

(2) If he should see you to-morrow, you should speak to him gently.

(3) If he had carried an umbrella with him, he would not have been drenched. (ભીંજાયો હોત નહિ.)

(4) I will go with you so that you may not tease him.

(5) You played with the child in order that he might not remember his mother.

(6) Go away at once lest he should strike you.

(7) They returned lest the thieves should rob them.

Passive Voice—Imperative Mood.

4. Read the following sentences :—

Active Voice.	*Passive Voice*
Take it away.	**Let it be taken away.**
Read the story.	**Let the story be read.**
Throw the ball.	**Let the ball be thrown.**
Do it.	**Let it be done.**
Tell him to come.	**Let him be told to come.**

Note–Active Voice માં કર્તા તરીકે જેમ you અધ્યાહાર રહે છે તેમ Passive Voice માં by you અધ્યાહાર રહે છે. કારણ શોધી કાઢો. શીખી ગયા છો એટલે તમને તે આવડશે.

આજ્ઞાર્થનો ભાવ લાવવા 'let' ક્રિયાપદની મદદ લેવી પડી છે, અને બીજું 'be' સહાયકારી લેવું પડ્યું છે. અને એ બેની વચ્ચે Active Voice ના ક્રિયાપદનો કર્મ મૂકયો છે.

5. Turn the following sentences into the Passive Voice :—

Bring the books here.
Buy some mangoes for me.
Do not carry the bundles just now.
Find a chair for me.
Speak words of wisdom.
Drop it there.
Do not call him.

Negative Form લો. તેમાં Let ની સાથે Do મૂકો તોયે ચાલે અને નહિ મૂકો તોયે ચાલે:—

e.g.	*Negative*
Let him go.	**Do not let him go**
	or
	Let him not go.
Active Voice (Nega.)	*Passive Voice (Nega.)*
Do not take it.	**Do not let it be taken.**
	or
	Let it not be taken.

(આજ્ઞાર્થમાં 'Be' ની સાથે પણ નકારમાં Do મૂકો યાતો નહિ મૂકો. ***e. g.*** Be not afraid or do not be afraid.)

6. Let ના ઉપયોગ પરથી કંઇક ખ્યાલ આવ્યો હશે કે Let એ સામાન્ય રીતે Helping Verb છે. બીજાં ક્રિયાપદની મદદમાં રહીનેજ તેનો ઘણો ખરો ઉપયોગ જોવામાં આવે છે. *e. g*. Let us go. Let him go વગેરે. અને એજ કારણે Let વાળાં વાક્યનું નકાર Let us not go. Let him not go થાય છે.

હવે Let નો Active Voice માં સકર્મક ક્રિયાપદ સાથે ઉપયોગ થયો હોય ત્યારે તેનું Passive Voice કેવી રીતે થાય તે જોઇએ.

Take it. Let me take it. Let him take it.

આ ત્રણે વાક્યોનો ભેદ તો સમજાયો હશે. લેવાની વસ્તુ સામે ઉભા રહેનાર પાસે લેવડાવવી હોય તો Take it; મારેજ લેવી હોય તો Let me take it; અને તેને લેવા દેવી હોય તો Let him take it કહીએ.

યાદ રાખો :—ત્રણે વાક્યમાં મુખ્ય ક્રિયાપદ take છે. પહેલામાં take; બીજા ને ત્રીજામાં 'let take' છે. કર્મ it છે.

Active Voice.	*Passive Voice.*
Take it.	**Let it be taken.**
Let him take it.	**Let it be taken by him.**
Let me take it.	**Let it be taken by me.**

7. ઉપરપ્રમાણે નીચેનાં વાકયોનું Passive Voice કહો :—

(1) Let me cut off these flowers.
(2) Let us water the plants in the garden.
(3) Let him prepare our food before ten.
(4) Let her sew her bodice with care.
(5) Let them buy this house for a thousand rupees.
(6) I let you do this. (You were/are let by me to do this.)

નોંધ :—Let પછી મૂળ ક્રિયાપદની આગળ Active Voice માં Infinitive નો to મુકાતો નથી તે Passive Voice માં મૂકવો પડે છે.

(7) We let them use our books.
(8) You let her carry a bundle of sticks.
(9) He lets me learn Hindustani.
(10) She let them break the bottle of wine.

8. હવે Passive Voice માંથી Active Voice માં વાક્યરચના કેવી રીતે ફેરવવી તે જોઇએ. ક્રિયાપદને Passive Voice માંથી

Active Voice માં મૂકવું હોય તો ક્રિયાપદનો કાળ અને (To be સિવાયનું) સહાયકારી ક્રિયાપદ જાણી લેવું.

To be સહાયકારીના રૂપ ઉપરથી કાળ નિશ્ચિત થશે. Passive Voice માં To be સહાયકારી લેવું પડે તે Active Voice માં છોડી દેવું પડે, કર્તા અને કર્મનાં સ્થળ અરસપરસ બદલવાં પડે. *by* (Preposition) છોડી દેવું પડે.

9. Turn the following sentences into the Active Voice :—

(1) This picture has been drawn by me. (*I have drawn this picture.*)
(2) The ball was thrown by him.
(3) Many people will be killed by them.
(4) You must be defeated by this boy.
(5) She should be praised by all.
(6) By whom has the thief been caught ?
(7) What was sold by the hawker ?
(8) The Village Industries Exhibition was opened by Gandhiji.
(9) When was the letter posted by you ?
(10) Let not a harsh word be spoken.
(11) Let not the baby be frightened.
(12) Let him be punished by the teacher.
(13) Let not the jug be broken by her.
(14) Let them not be insulted.
(15) Let it be said by her.

10. હવે જે ક્રિયાપદોને બે કર્મો–Direct and Indirect–હોય તેનું Passive Voice લઇએ :—

Active Voice.	*Passive Voice.*
He gives me the book.	**I am given the book by him.** **or** **The book is given (to) me by him.**
The teacher refused you the request.	**You were refused the request by the teacher.** **or** **The request was refused (to) you by the teacher.**

નોંધ :—ક્રિયાપદને બે કર્મ હોય તો તેનું Passive Voice દરેક કર્મથી વાક્ય શરૂ કરાઈ એ રીતે થાય છે.

11. Turn into the Passive Voice :—

(1) Why do you bear me an ill will ?
(2) Will you return him evil for evil ?
(3) Has he not promised you any support ?
(4) Who will render me assistance ?
(5) I ask you your surname.
(6) Let me grant him permission.

12. Name some other five verbs that require a double Object ; use them each, in a sentence and turn those sentences into the Passive Voice.

13. હવે જે સકર્મક ક્રિયાપદને Complement ની જરૂર પડે છે તેનું Passive Voice તપાસીએ :—

Read these sentences :—

Active Voice.	*Passive Voice.*
They made him their friend.	**He was made their friend by him.**
They may elect you President.	**You may be elected President by them.**

નોંધ:—Complement તો ક્રિયાનો પૂરક રહ્યો માટે ક્રિયાપદની સાથે તેને તેનો ભાગ ગણી લઈ ક્રિયાપદના **કર્મનેજ** કર્તાની જગા આપવી.

14. Turn into the Passive Voice :—

(1) Why do you call him a fool ?

(2) Do you find him guilty ?

(3) I must consider you my well-wisher.

(4) Do not appoint him treasurer.

(5) Let us elect him our monitor.

15. Change the Voice in the following sentences:—

(1) The tailor was making me a suit of clothes.

(2) The horse is being fed by the syce.

(3) The ox was tied to a tree by the master.

(4) Who will not obey the leader's order ?

(5) Leaders have been respecting Gandhiji's wishes for a long time.

(6) He should not have been opposed by you.

(7) You will be required by me to do this.

(8) She was given all possible facilities by the host.

(9) They were forgiven their faults by their parents.

LESSON VIII

SPECIAL USES OF SHALL AND WILL

તમે એટલું તો શીખ્યા છો કે કેવળ ભવિષ્યકાળમાં પહેલા પુરૂષમાં ‘ shall ’ અને બીજા ને ત્રીજામાં ‘ will ’ વપરાય છે.

તમારાં અત્યાર સુધીનાં વાચનમાં આવાં વાકયો પણ આવી ગયાં હશે :—

I will go. You shall go. He shall go.
Shall you go ? Shall he go ? Will he go ?

ત્યારે Statements અને Questions માં ‘ shall ’ અને ‘ will ’ જુદા જુદા પુરૂષોમાં જુદી જુદી રીતે વપરાય છે. જુદી રીતે વપરાય માટે જુદો અર્થ પણ હોય અને તે અત્રે જોઇશું :—

I will go—હું જઇશજ–એટલે જવાની મારી પૂરી મરજી છે, અથવા જવાનો મારો નિશ્ચય છે, અથવા જવાને હું વચનથી બંધાઉ છું, અથવા હું જઇશજ એવી ધમકી આપું છું (તારાથી થાય તે કરી લે.)

You shall go—તારે જવું પડશેજ–એમાં બોલનારનો કંઇક ધમકી, હુકમ, જબરદસ્તી કે નાફેર નિશ્ચયનો અર્થ રહેલો છે.

He shall go—તેને જવું પડશેજ. એમાં પણ ઉપર પ્રમાણેનો અર્થ રહેલો છે.

2. Use *shall* or *will* in the following sentences, giving reasons for the same :—

(1) Perhaps he . . . . come tomorrow.

(2) May, be, I . . . . bring you the fruit.

(3) I think, you .... help your friend in his troubles.
(4) We suppose, they .... start immediately.
(5) It appears, it .... rain to-day.
(6) It seems, Magan .... not turn up within a week.
(7) I hope, she .... succeed.
(8) I believe, you .... not need any money now.
(9) I trust, Sarla .... finish her work this evening.

નોંધ :—Perhaps, I trust વગેરેના ઉપયોગથી નક્કીપણું, ધમકી કે વચનનો ભાવ હળવો થાય છે. એટલે તેમાં કંઈક સંશય રહી જાય છે માટે ઉપરનાં કે એનાં જેવાં વાક્યોમાં કેવળ ભવિષ્યકાળ વપરાય.

3. **Read these questions :—**

Shall I go ? Shall you go ? Shall he go ?

એ સવાલોના જવાબો શા હોઈ શકે ? સામાન્યરીતે જેવો સવાલ હોય તેવોજ જવાબ હોય છે. *e. g.* Can he go ? (Yes, he can.) Must we go ? (Yes, we must.) ત્યારે ઉપરના સવાલના જવાબ ઘણે ભાગે આમજ આવે :—

Shall I go ? Yes, you shall. (No, you shall not).
Shall you go ? Yes, I shall. (No, I shall not).
Shall he go ? Yes, he shall. (No, he shall not).

જવાબપરથી સવાલના અર્થ તપાસીશું તો જણાશે કે :-

(1) સામા માણસની મરજી કે નિશ્ચય જાણવો હોય તો પહેલા અને ત્રીજા પુરૂષમાં 'shall' થી પ્રશ્ન પૂછવો.

(2) ક્રિયા કરશો કે નહિ એટલુંજ માત્ર જાણવું હોય તો બીજા પુરૂષમાં 'shall' થી પ્રશ્ન પૂછવો.

હવે જુઓ I will go. We will go. એ વાક્યમાં મારી કે આપણી જવાની મરજી છે એમ બતાવાય છે. ત્યારે Will I go ? Will we go ? બોલાશે ?

કદી નહિ; કારણકે આપણે જવું કે નહિ તેતો આપણી મરજીની વાત છે. તેમાં સામા માણસને પૂછવાનું હોયજ નહિ. માટે સામા માણસને પૂછવું પડે ત્યારે આમજ પુછાય કે Shall I go ? વગેરે.

નોંધ:—પહેલા પુરૂષમાં સામાન્ય ભવિષ્યકાળ વાપરી તેજ પ્રશ્ન પૂછાય. *e. g*. Shall I go ? વગેરે.

૪. નીચેના સવાલ જવાબ પર ધ્યાન આપો:—

Will you go ? Yes, I will go. (No, I will not).

Will he go ? Yes he will go. (No, he will not).

નોંધ:—બીજા પુરૂષમાં will થી પ્રશ્ન પૂછી સામા માણસની મરજી જાણવી. અને ત્રીજા પુરૂષમાં સામાન્ય ભવિષ્યકાળનો પ્રશ્ન will થી પુછાય.

નોંધ:—Statement માં shall પહેલા પુરૂષમાં અને will બીજા ને ત્રીજા પુરૂષમાં સામાન્ય ભવિષ્યકાળ બતાવે. પણ પહેલા પુરૂષમાં will અને બીજા ને ત્રીજા પુરૂષમાં shall નિશ્ચય બતાવે છે.

Questions માં shall પહેલા અને બીજા પુરૂષમાં અને will ત્રીજા પુરૂષમાં સામાન્ય ભવિષ્યકાળ બતાવે છે. Shall પહેલા અને ત્રીજામાં અને will બીજા પુરૂષમાં સામા માણસની-મરજી પુછાય છે એમ બતાવે છે.

5. Find questions to the following answers :—

1. **Yes, I will bring it. No, I won't bring it.**
2. **Yes, I shall come with you. No, I shan't come with you.**
3. **Yes, you will play. No, you won't play.**
4. **Yes, you shall dine. No, you shan't dine.**
5. **Yes, she will drink it. No, she will not drink it.**
6. **Yes, he shall read. No, he shall not read.**

નોંધ:—સામાન્ય રીતે Shall you come ? નો જવાબ I shall come થી આપવો અને Will you come ? નો જવાબ I will come થી આપવો.

6. Insert *shall* or *will* in the following sentences and give reasons :—

(1) If you keep awake too long you .... feel uneasy.

(2) Tomorrow .... be a holiday.

(3) It is possible he .... miss the train.

(4) How .... we go there ?

(5) .... you not trust me ?

(6) I .... be very happy to see you.

(7) We .... be very pleased to receive you.

(8) .... they fetch you milk ?

(9) You .... not steal.

(10) Surely they .... arrive to night.

(11) She .... not attend if she is unwell.

(12) You .... not move further.

(13) He fears he .... suffer a heavy loss.

(14) .... he not return to save his mother ?

(15) .... I not go to nurse my ailing sister ?

(16) .... you not help me out of my difficulties ?

(17) We .... leave this place ; you can't come in our way.

(18) You .... not leave it ; we .... stand in your way.

(19) My brother .... be ten tomorrow.

(20) We, all .... die one day.

LESSON IX

ARTICLES *(A, An & The)*

તમે અગાઉના પુસ્તકમાં A or An અને The ના સામાન્ય ઉપયોગ વિષે શીખી ગયા છો તે યાદ કરી જાઓ.

હવે આપણે એના વધુ કે વિશેષ ઉપયોગ વિષે વિચારીશું. તમને એ યાદ છે કે પહેલી ભાષા, (Speech) પછીથી વ્યાકરણ (Grammar). ત્યારે નીચેનાં વાકયોમાં A અને An ના ઉપયોગ વિષે દેખાવમાં કંઈક વિરોધ છે પણ ખરી રીતે ઉપયોગ બરાબર છે તે સમજાવો:—(જુઓ—વ્યંજનથી શરૂ થતા Part of Speech પહેલાં An અને સ્વરથી શરૂ થતા શબ્દ આગળ A વપરાયો છે.):—

(1) An *hour* has passed and yet he has not returned.
(2) Who will not like an *honest* man ?
(3) He is an *M. A.*
(4) An *M.Sc.* is a Master of Science.
(5) A *University* is a seat of learning.
(6) A *ewe* is a she-goat.
(7) I have not seen a *one-rupee-note.*

પહેલાં બે વાકયોમાં 'h' નો ઉચ્ચાર થતો નથી. એટલે બોલવામાં સ્વરથીજ શરૂઆત થાય છે. *e. g. our*; *onest.* પછીનાં બે વાકયોમાં M. A. અને M. Sc. બોલવામાં સ્વરથીજ શરૂઆત કરવી પડે છે. માટે an મૂકવો.

University માં 'U' સ્વર છે પણ અહીં તેનો ઉચ્ચાર 'ઉ' જેવો નથી પણ 'યુ' જેવો છે માટે તેની આગળ 'a' વપરાયો. અને Ewe નો ઉચ્ચાર 'you' જેવો થયો એટલે કે સ્વરથી નહિ પણ વ્યંજનથી થયો માટે તેની આગળ પણ 'a' વપરાયો. છેલ્લાં વાકયમાં 'one' નો ઉચ્ચાર 'won' જેવો છે માટે ત્યાં પણ 'a' વપરાયો.

નોંધ :—A કે An ક્યાં વાપરવો તે શબ્દના ઉચ્ચાર પર આધાર રાખે છે. સ્વરથી શરૂ થતા શબ્દના ઉચ્ચાર આગળ An અને વ્યંજનથી શરૂ થતા ઉચ્ચાર આગળ A વાપરવો.

2. Account for the use of *a* or *an* in the following sentences :—

(1) Bring him an umbrella.
(2) A board is a useful thing.
(3) It is a universal belief that the pure alone can see God.
(4) Of what use is a utensil ?
(5) Keep a uniform policy.
(6) How can you tell a European from an Indian ?
(7) A one-eyed man can not see with one of the eyes.
(8) Don't give a one-sided judgment.
(9) He is an heir to all this estate.

નોંધ :—A historical fact અને a hotel ને બદલે કોઈ કોઈ વાર તમે An historical fact અને an hotel વાંચશો. કારણકે એ બન્ને શબ્દોમાં 'h' નો ઉચ્ચાર લગભગ નહિ જેવોજ છે. બોલતી વખતે શબ્દના પહેલા ભાગ 'his' કે 'ho' પર ભાર મૂકતા નથી પણ બીજા ભાગ–'to' કે 'tel' પર મૂકીએ છીએ :—

૩. નીચેનાં વાક્યોમાં *A* કે *An* ના વિશેષ ઉપયોગ પર ધ્યાન આપો :—

(1) *A* dog is a faithful animal.
(2) *An* Elephant has a trunk in front.
(3) *A* tree is known by its fruit.

Italics માં મૂકેલા A કે An = Any એટલે કે a dog = all dogs = કૂતરા માત્ર. An elephant = all elephants. A tree = all trees.

નોંધ :—વસ્તુનો આખો વર્ગ બતાવવો હોય તો તેવા સામાન્ય અર્થમાં Common (કે Collective) Noun ને એકવચનમાં 'A' Article લગાડવો :–

4. **Read the following :—**

(1) Do one thing at *a* time.
(2) Revise one lesson *a* day. (a=one or every)
(3) *A* stitch in time saves nine.
(4) *A* bird in hand is worth two in the bush.
(5) Three feet make *a* yard.

ઉપરના વાક્યમાં a = one થાય છે.

5. નીચેનાં વાક્યોમાં *the* ના ઉપયોગ પર ધ્યાન આપો :—

The dog is a faithful animal.
The elephant has a trunk in front.
The tree is known by its fruit.

નોંધ :—વસ્તુનો આખો સમૂહ કે વર્ગ બતાવવા *the* નો ઉપયોગ કરવો. આવા ઉપયોગ વખતે *the* ને બદલે *a* મૂકો તોયે ચાલે.

અપવાદ—આ અર્થમાં Man કે Woman ને *a* કે *the* લગાડવાની જરૂર નથી.

e.g. Man has his own sphere of work to do. Woman has her own.

(Man = માણસ જાત; Woman = સ્ત્રી જાત)

6. (*a*) *The* is used before the superlative degree.
e.g. He is the cleverest boy in the class. Sumitra is the tallest girl in the class.

(*b*) *The* is also used before a noun which is usually the name of one thing.

e.g. The earth ; the sea ; the sun ; the moon ; the sky.

અપવાદ :—God; Heaven; Hell.

(*c*) *The* is used before Proper Nouns :—

(1) When they have adjectives added to them : e.g. Alexander the Great ; or the Great Alexander ; Victoria the Good or the Good Victoria.

(2) Which are names of people (but not languages) *e.g.* the English, the French, the Germans, the Indians.

(નામ બહુવચનમાં વપરાય)

e.g. The French are merry people. They speak French (language).

(3) Which are names of ships or steamers, *e.g.* the Maloja, the Rampura.

(4) Which are names of rivers. *e.g.* the Indus ; the Godavari.

(5) Which are names of famous books. *e.g.* the Vedas, the Geeta, the Bible, the Koran.

(6) Which are names of directions *e.g.* the East ; the West etc.

(7) Which are names of oceans, seas, gulfs etc. *e.g.* the Pacific, the Red sea, the gulf of Cambay etc.

(8) Which are names of groups of islands and mountain ranges *e.g.* the Andamans, the Himalayas.

(9) Names of certain countries : *e.g.* the Punjab, the Deccan etc.

7. Account for the use or omission of the articles in the following sentences :—

(1) Many inventions and discoveries were made in the 19th century.
(2) The policeman caught the robber.
(3) As is the father, so is the son.
(4) The Noun is the name of something.
(5) The Ganges is the holy river of the Hindus.
(6) I must read the Mahabharat.
(7) The Indus is a river in North India.
(8) Some went to the North ; some to the South.
(9) Cyprus is an island.
(10) The East-Indies are a group of Islands.

(11) The Panama is a strait.
(12) Panama is also a town.
(13) The Dutch are very industrious.
(14) I understand Marathi but can not talk in it.

8. What is wrong in the use or omission of articles in the following sentences :—Correct where necessary :—

(1) The man is mortal.
(2) The silver is precious metal.
(3) You wanted the pen. I gave you one.
(4) Where is a pen which I gave you ?
(5) Twelve inches make the foot.
(6) Punjab is not a poor country.
(7) Maloja is steamer.
(8) Kalidas' Shakuntala is most famous book.
(9) The Calcutta lies on Hoogly.
(9) The Kanchanganga is one of the mountains in Himalayas.
(11) English speak the English.
(12) The wisdom comes with age.
(13) He has been ill for last three days.
(14) United States is rich country.

LESSON X

INFINITIVE AND PARTICIPLES

કૃદંત એટલે શું તે તો તમે ગુજરાતીમાં શીખ્યા હશો. અંગ્રેજીમાં પણ કૃદંત છે. ઉપયોગ બન્ને ભાષામાં લગભગ સરખો છે.

કૃદંત શબ્દનો અર્થજ એવો થાય છે કે ક્રિયાનો કંઇક અંશ: એટલે એમાં ક્રિયાપદ પૂરૂં નહિ પણ થોડું અને સાથે સાથે બીજું (નામ-વિશેષણ કે ક્રિયાવિશેષણ).

પ્રથમ આપણે સામાન્ય કૃદંત લઇએ :—

Infinitive (સામાન્ય કૃદંત)

ક્રિયાપદનાં મૂળ રૂપને Infinitive કહે છે, જેમકે–જવું = to go.

હવે To go માં ક્રિયાનો અંશ તો છે. પણ જ્યારે એ ક્રિયાપદ તરીકે નહિજ વપરાયું હોય તો ક્યા Part of Speech તરીકે વપરાતું હશે?

2. **Read the following sentences :—**

(1) *To go* out in the morning for a walk gives pleasure

(= સવારે ફરવા નીકળવું એ આનંદદાયી છે.)

(2) He advises me *to take* exercise regularly.

What gives pleasure ? What does he advise me ?

આ સવાલના જવાબ ઉપરથી તમે કહી શકશો કે પહેલા વાકયમાં To go......gives ક્રિયાપદનો કર્તા છે અને બીજા વાકયમાં to take... advises ક્રિયાપદનો કર્મ છે.

કર્તા અને કર્મ સામાન્ય રીતે Noun હોય છે. માટે આ જગ્યાએ Infinitive નામ તરીકે વપરાયું છે.

હવે જુઓ :—Infinitive માં ક્રિયાપદનો પણ અંશ છે. તેથી પહેલા વાક્યમાં to go નો out, in the morning અને for a walk સાથે Adverb કે Adverb Phrase નો સંબંધ છે.

To go–Where ? (out); When ? (in the morning); Why ? (for a walk); એજ પ્રમાણે બીજા વાક્યમાં " to take " Infinitive સાથે exercise અને regularly શબ્દોનો શો સંબંધ છે ? સવાલ પૂછી શોધી કાઢો.

3. Read the following sentences :—

(1) **A book to read must be decent**=***A book which one reads must be decent***—. . .(વાંચવાની ચોપડી મનને ગમે એવી (સારી) હોવી જોઇએ.)

(2) **Why do you spoil the coat to wear ?** = ***Why do you spoil the coat which is to be worn ?***

Answer :—

Which book must be decent ? (a book to read)
About which coat is it said ? (the coat to wear)

તરતજ તમે કહેશો કે ઉપરનાં વાક્યમાં Infinitive નો ઉપયોગ Adjective જેવો છે.

4. Read these sentences and find out the use of the Infinitive :—

(1) **He sent me away** ***to fetch him a cocoanut***. . .**(Why ?)** **(=** ***He sent me away so that I might fetch him a cocoanut.*****)**

(2) **We must work hard** ***to please our parents*** **(Why ?)** **(=** ***We must work hard for the purpose of pleasing our parents.*****)**

એ વાક્યમાં Infinitive નો ઉપયોગ Adverb જેવો છે. To fetch ની સાથે him અને cocoanut નો અને to please ની સાથે parents નો શો સંબંધ છે ?

નોંધ :—An Infinitive may be used as a Noun or an Adjective or an Adverb.

5. Discover the use of the Infinitive in the following sentences : Expand the sentences wherever possible to explain its use :—

(1) He has had no food to eat for ten days.
(2) We have arrived here to tell you the good news.
(3) What do you desire to do ?
(4) I desire to play.
(5) Do you want to read ?
(6) No, I want to sleep.
(7) I like to see good people.
(8) I love to mix with innocent boys.
(9) To know God is to see God.
(10) Prefer to starve but do not beg.
(11) We go to get the book.
(12) It was a sight to see.
(13) Eat to live. Do not live to eat.
(14) Bring me a chair to sit on.
(15) Here is a knife to cut with.
(16) Tell him to go.
(17) Ask him to read.
(18) Permit me to play.
(19) Give him the permission to play.
(20) I can not allow you to play now.

6. Rewrite the following sentences by using an Infinitive in each for each pair :—

1. This is a pen. One may write with it.
(= *This is a pen to write with.*)
2. This is a pen. It needs mending.
(*This is a pen to mend.*)

(3) Here is the cap. You want to wash *it*.
(4) Bring him water. He wants to wash his hands with *it*.
(5) Get him a cup from *which* he may drink.
(6) I sent you to the Post Office that you might buy an eight-anna stamp for me.
(7) There is a desk. You may sit at *it*.
(8) Take this mirror. You may look in *it*.
(9) Buy an umbrella. *It* will keep you from the rain and the sun.
(10) My father works hard. *He* has to maintain a large family.
(11) He takes a walk of three miles everyday. This is his physical exercise.
(12) He orders a servant, " Fetch the book ".
(13) I request my sister, " Find my lost pice."

નોંધ:—Italics માં મૂકેલાં Pronouns, Infinitive વાપરતી વખતે છોડી દેવાં. પણ તેની પહેલાંનાં Pronouns લેવાં.

Participles and Gerunds.

તમે વતમાન–કૃદંત (Present Participle) અને ભૂત–કૃદંત (Past Participle) વિષે શીખી ગયા છો કે ચાલુ કાળમાં, વર્તમાન–કૃદંતનું રૂપ અને પૂર્ણકાળ તથા Passive Voice માં, ભૂત–કૃદંતનું રૂપ લેવાય છે. આજે આપણે એ Participle નો એક નોખો ઉપયોગ જોઇશું:—

7. Read the following sentences and say whether the Participles used are Present or Past.

(1) *Running* horses go fast.
(2) A *broken* table becomes useless.
(3) We should not wake *sleeping* dogs.
(4) A *lost* opportunity never comes back.

ઉપર વપરાયેલાં Participles નો ઉપયોગ Adjectives જેવો છે એ તો તમારા ધ્યાનમાં આવ્યું હશે.

8. Use Participle-adjectives in each of the following sentences :—

(1) The man *who is dying* has made a will.
(2) The boy *who has failed* must try again.
(3) The tree *that has fallen* must be removed.
(4) The girl *who was singing* fell down.
(5) The men *who were working* are tired.
(6) Pluck the flower *that has withered.*
(7) The fruit *that withered* dropped down.
(8) We do not trust the boy *who lies.*

નોંધ :—Present Participle માં ક્રિયા ચાલુ છે અને Past Participle માં ક્રિયા શરૂ થઈ ગઈ છે એવો કંઈક ક્રિયાનો અંશ રહેલો છે.

9. હવે તમે એ જોશો કે કૃદંતમાં ક્રિયાપદનો પણ અંશ છે અને તેથી તેની સાથે કર્મ કે ક્રિયાવિશેષણ પણ આવે.

Read the following :—

(1) The girl *carrying a pot of water on her head is* my sister. (માથા ઉપર પાણીનો ઘડો લઈ જતી છોકરી મારી બેન છે.)

(2) The boy *running along the road,* fell down.
(3) The dog, *sleeping under the tree,* may bite you.
(4) The rupee, *lost by you,* is found.
(5) Call for the carpenter to repair the chair *broken yesterday.*

નોંધ :—Participle-Adjective ની સાથે Object, Adverb કે Adverb Phrase આવતું હોય તો તે આખું Adjective Phrase તેના વિશેષ્ય **પછીથી** મૂકવું. (આગળ નહિ).

10. Place the Participles or the Participle Phrases in their proper places in each of the following sentences :—

(1) The boy is Harivadan. (reading History).
(2) Call the girl (crying) and give her food.
(3) Gather up the pieces of paper (lying here and there).
(4) The country was taken to be India. (discovered by Columbus).
(5) Every one likes a face. (Smiling).
(6) Pick up carefully the article. (damaged).
(7) It is a book (bound with care).

નોંધ :—A Participle is partly a *Verb* and partly an *Adjective*. It is a Verb–Adjective.

11. Read the following sentences and name the Part of Speech of the words in Italics :—

(1) *Walking* is the best exercise.
(2) *Eating* too much leads to indisposition.
(3) Do you like *riding* or *driving* ?
(4) Don't talk of *going* away so soon.
(5) *Playing* in the open will do you a lot of good.

What થી સવાલ પૂછી જવાબ આપો :-*e. g.* What will do you good ? (Playing etc.)

નોંધ :—ત્યારે Walking, eating, riding વગેરે શબ્દો Nouns છે. અંગ્રેજીમાં એને Verb-Nouns અથવા Gerunds કહે છે.

ઉપરનાં ઘણાં ખરાં વાક્યમાં Verb-Nouns ને બદલે તેને મળતું Infinitive મૂકો તોયે ચાલે. *e. g.* To eat too much leads to indisposition etc.

નોંધ :—અંગ્રેજીમાં ક્રિયાપદનું 'ing' વાળું રૂપ વિશેષણ તરીકે વપરાતું હોય તો તેને Verb-Adjective કહે છે અને નામ તરીકે વપરાતું હોય તો તેને Gerund કે Verb-Noun કહે છે.

12. Answer whether a Present Participle (Adjective) or a Gerund (Noun) is used in the following sentences :—

(1) You will succeed by *trying* again and again.
(2) Let alone *sleeping* dogs.
(3) We can not do without *sleeping.*
(4) *Walking* in the sun, he got a sun-stroke.
(5) I prefer *walking* to *driving.*
(6) They came running. We came walking.
(7) A rolling stone gathers no moss.
(8) They came rolling on snow.
(9) Why do you keep me waiting ?
(10) We found him struggling to get out of the mud.

13. Read the following and name the sentences in which the Present or the Past Participle is not an Adjective but forms a part of the Verb :—

(1) They are sleeping there.
(2) He does sleeping almost the whole day.
(3) Where are you walking to ?
(4) Walking will do you much good.
(5) He slipped walking along the pavement.
(6) I keep you waiting because you have come too early.
(7) He is struggling to get out.

14. Use Verb-Nouns or Gerunds instead of the (Noun) Infinitive in the following sentences :—

(1) *To read* at least for two hours every day is necessary.
(*Reading at least two hours everyday is necessary.*)
(2) *To work* for one's bread is honourable.
(3) We shall commence to walk three miles every day.
(4) Continue to sleep at ten.
(5) To play in the open is to receive more fresh air.

15. Read the following sentences :—

(1) The running boy fell down.
(2) The boy running along the foot-path fell down.
(= *The boy who was running fell down.*)
(3) Running along the foot-path the boy fell down.
(=*The boy fell down while he was running.*)

પહેલાં બે વાક્યમાં Participle ચોખ્ખું વિશેષણ છે. પણ છેલ્લા વાક્યમાં 'boy' નામ સાથે સંબંધ રાખવા પુરતોજ 'running' participle નો ઉપયોગ છે. એટલેકે છોકરો બે ક્રિયા કરે છે. એક દોડવાની અને બીજી પડી જવાની અને પડી જવાનું કારણ આપી બે વાક્યનું એક વાક્ય ટુંકાવી દેવામાં Participle નો ઉપયોગ કરવો પડ્યો છે.

16. Render into Gujarati the following sentences :—

The standing man jumped into the water.
The man standing on the wall jumped into the water.
Standing on the wall the man jumped into the water.

છેલ્લું વાક્ય નીચેનાં બે વાક્યો મળી એક ટૂંકું વાક્ય થાય :-

The man stood on the wall and he jumped into the water.

નોંધ :—Present Participle ની મદદથી બે વાક્યોને ટુંકાવી એક વાક્ય બનાવી શકાય છે. આવી વખતે બન્ને ક્રિયાનો કરનાર તેનો તેજ હોવો જોઇએ. *e. g.* ઉપરના વાક્યમાં 'man'.

17. Give the Gujarati equivalents for the following and try to write the two sentences combined :—

(1) Coming into the class he makes a noise.
(2) Entering the class, the Headmaster asked us to stand.
(3) Going to him, I will tell him to be quiet.
(4) Salaaming your teacher, go home at five.

***N.B.—Use 'and'* as a Conjunction in the above sentences.**

(5) **Walking one mile an hour you will not reach there in time.**

(6) **Travelling by car, you will reach Nasik on the 13th next.**

N.B. Use '*if*' in the above sentences.

(7) **Playing in the field, he slipped into a pit.**

(8) **Carrying a bundle on my head, I did not walk fast.**

(9) **Crossing a road, I looked this way and that.**

(10) **Working in the garden, you did not see me.**

N.B. Use *as, when* or *while* in the above sentences.

નોંધ :—Present Participle ને બદલે ક્રિયાપદ વાપરવું હોય તો નીચેની બાબત ધ્યાનમાં લેવી :-(1) વાક્યમાં વર્તમાનકાળ વાપર્યો હોય તો Present-Participle ને વર્તમાનકાળના ક્રિયાપદમાં ફેરવવું.

e.g. **Coming into the class he *makes* a noise. (=*He comes into the class and makes a noise.*)**

(2) ભૂતકાળનું ક્રિયાપદ હોય તો Present Participle ને ભૂતકાળનાં ક્રિયાપદમાં ફેરવવું.

Playing into the field he stepped into a pit (=*As he was playing........*)

........)

Standing on the wall, he jumped into the water. (=*He stood ....*)

(3) ભવિષ્યકાળનું ક્રિયાપદ હોય તો Present Participle ને ભવિષ્યકાળમાં ફેરવવું.

e.g. **Going to him I will tell him. (=*I will go to him etc.*)**

(4) આજ્ઞાર્થનું ક્રિયાપદ હોય તો Present Participle ને આજ્ઞાર્થ ક્રિયાપદનું રૂપ આપવું.

e.g. **Salaaming your teacher, go home. (=*Salaam your* teacher ....)**

18. **Combine each pair of the following sentences or clauses by using a Participle :—**

(1) We heard a loud noise. We turned out to see.
(2) They were very tired. They sat down to rest (*Use* being very tired ....).
(3) The children came home from school. They liked to play.
(4) You left early. You reached there at ten.
(5) They had no food to eat. They could not give any to the crying children.
(6) I saw my friend in the garden. I was very pleased.
(7) We met him on the road. We asked him where he was going.
(8) I shall seize a stick. I shall drive away the dog.
(9) We took up our books. We began to read.
(10) They will go to the field. They will pick cotton.
(11) I must start now. I must overtake them.
(12) Take up your books and stand up.
(13) Ride the horse. Start atonce.
(14) As I was going through a narrow street I happened to meet an angry-looking bull.
(15) As he is ill he can not be present.
(16) If you behave this way you can not please anybody.
(17) If I tell lies I deserve to be hated.
(18) When you cross the road you need not be hasty.

LESSON XI

CAUSATIVE FORM—(પ્રેરક ભેદ)

1. Read the following sentences and learn their meaning :—

I want to write.
I want to take the book.
We want to read.
We want to sing.

આપણે લખવા, ગાવા વગેરે ક્રિયા કરવી હોય ત્યાં તો ઉપલાં વાક્ય ચાલે. પણ બીજા પાસે એ ક્રિયા કરાવવી હોય તો કયો વાક્ય-પ્રયોગ થાય છે તે જુઓ :—

I want to write. (મારે લખવું છે.)

I want you / him to write. (મારે તારી–તેની પાસે લખાવવું છે.)

2. Find the difference in meaning between the following pairs of sentences :—

(1) I want to read. I want him to read.
(2) We want to play. We want them to play.
(3) They want to go. They want us to go.
(4) She desires to come. She desires her sister to come.

3. Explain the following sentences :—

I write. I want to write. I want you to write. We want them to sleep. We want you to sleep.

You work. You want to work. You want them to work.

He sees. He wants us to see. He wants you to see.

4. Read the following sentences :—

I want him to write. I tell him to write.

I cause him to write. I make him write. (= હું તેમની પાસે લખાવું છું.)

(make પછીનો Infinitive નો to છોડી દેવો પડે છે.)

ઉપલાં વાકયોનો અર્થ કંઈક સરખો છે. પહેલું વાકય = તે લખે એમ હું ઇચ્છું છું. બીજું વાકય = હું તેને લખવાનું કહું છું. ત્રીજું વાકય = હું તેને લખવાની ફરજ પાડું છું. (સમજાવીને હોય કે ધમકાવીને)

5. નીચેનાં વાકયો વાંચો એટલે make નો ઉપયોગ વધુ સ્પષ્ટ થશે :—

(1) **I gave him food to eat for three days.** (= મેં તેને ત્રણ દિવસ સુધી ખાવાનું આપ્યું. or મેં તેને ત્રણ દિવસ ખવરાવ્યું.)

(2) **They made the hunger-strikers eat food for three days.** (= તેઓએ ભૂખમરા પર ઉતરેલાઓને ત્રણ દિવસ ખવરાવ્યું.)

(3) **I asked / told him to cook food.** (= મેં તેની પાસે રંધાવ્યું.)

(4) **I made him cook food.** (= મેં તેની પાસે રંધાવ્યું.)

6. નીચેનાં વાકયોમાં make નો ઉપયોગ કરી દરેક વાક્ય પાછું લખો :—(કાળપર લક્ષ રાખી make નું યોગ્ય રૂપ લેવું)

(1) **I shall tell him to go.**
(2) **I wanted him to drink.**
(3) **You desire me to open the door.**
(4) **He wants us to shut the book.**
(5) **They tell him to repair the watch.**
(6) **We have asked her to stand.**

7. **Use '*make*' or any of its forms in the following blanks :—**

(1) **Who can .... me work if I do not want to work.**

(2) If you do not follow my advice I should not .... you do so.
(3) How can we .... him think if he refuses to think ?
(4) If he is not willing to accompany us, you need not ....him do so.
(5) Read or we shall .... you read.
(6) We can take a horse to the water but we can not .... him drink the water.

ઉપરનાં વાક્યોમાં *make* નો ઉપયોગ સહાયકારી ક્રિયાપદ જેવો છે. એની મદદથી પ્રેરકભેદનાં વાક્યોનું (જેમાં બીજાની પાસે કંઈ ક્રિયા કરાવવી એવો અર્થ રહે છે.) અંગ્રેજીમાં તરજુમો કરવાનું સરળ થઈ પડે છે.

N. B. નીચેનાં વાક્યોમાં *make* નો સ્વતંત્ર ક્રિયાપદ તરીકે ઉપયોગ છે. તે ધ્યાનમાં હશે :—

The carpenter made the box.
We have made him our captain.

8. Name the sentences in which '*make*' is used as a helping-verb in the following :—

(1) We shall make furniture out of this wood.
(2) You can not make cotton into silken cloth.
(3) He has made a mountain of a mole-hill.
(4) Do not make me repeat this.
(5) I must make you work here for one hour.
(6) This cloth will be made into clothes.
(7) The teacher punished me by making me stand for one hour.
(8) Two and two make four.
(9) Why have you made them walk in the sun ?
(10) No one can make a man succeed if he is bent upon not trying at all.

9. જેમ સહ્યભેદ (Passive Voice) માં ક્રિયા કોનાથી કરાય છે એ કોઈ કોઈ વાર આપવાની જરૂર હોતી નથી તેમ પ્રેરકભેદ (Causative Form) માં કોને પ્રેરક ક્રિયા કરાવવાની છે તે આપવામાં આવતું નથી ત્યારે કેવો વાક્યપ્રયોગ થાય છે તે જુઓ :—

I make him write the letter. (તેની પાસે કાગળ લખાવું છું.)

I get the letter written. (હું કાગળ લખાવું છું.)

He makes me carry the bundle.

He gets the bundle carried. (તે બોજો ઉપડાવે છે.)

You made them repair the clock.

You got the clock repaired.

નોંધ :—પ્રેરકભેદમાં જેની પાસે ક્રિયા કરાવવાની હોય તે આપવામાં નહિ આવ્યો હોય તો *get* ક્રિયાપદની મદદ લેવી અને મૂળ ક્રિયાપદનું ભૂત–કૃદંતનું રૂપ લેવું.

10. જેને પ્રેરે છે તેને અધ્યાહાર રાખી નીચેનાં વાક્યોમાં *get* મૂકી ફરીથી લખો :—

1. **We shall make them cut the tree.**
2. **Make him bind the book.**
3. **They did not make anybody remove the box.**
4. **We have made them prepare the food.**

N. B. Make ને બદલે get વાળી વાક્યરચના કંઈક Passive Voice ને મળતી આવે છે. માટે make અને get પછી આવતું ક્રિયાપદ (કૃદંત) સકર્મક હોવું જોઇએ. *e. g.* I make him write the letter.

I get the letter written (by him).

નોંધ :—ઉપરનાં વાક્યોમાં get ને બદલે *have* મૂકો તોયે ચાલે. *e. g.* You got the clock repaired or you had the clock repaired.

યાદ રાખો :—ઉપર બતાવેલાં વાક્યોમાં get અને have ના ઉપયોગ છે તેનાથી જુદા ઉપયોગ નીચેનાં વાક્યોમાં છે :—

I get a scholarship. (સ્વતંત્ર ક્રિયાપદ)

I have a rupee. („)

વળી have નો ઉપયોગ બરાબર ધ્યાનમાં રાખો. I have to write the letter (મારે કાગળ લખવો છે). I have written the letter (મેં કાગળ લખ્યો છે). I have the letter written (મેં કાગળ લખાવ્યો છે).

11. **Explain fully :—**

Get a book. Let a book be got.

Get it done in time.

Let me have one rupee.

Let him have tea.

Let tea be had by him.

Have tea prepared for him.

12. **Use the Causative Form in any other way or ways in the following sentences :—(if possible)**

1. We should not make anyone do anything through fear.
2. I should have the work finished to-day.
3. They will get the building completed this month.
4. We should not make our servants work for more than eight hours a day.
5. He will make them do it over again.
6. The neighbours can not get my window closed that way.
7. The farmer had his field ploughed in a day.
8. Get the book printed in a week.
9. Make them revise the story.
10. They have made them recite their prayers.

LESSON XII

DISGUISED QUESTIONS

(Statement ના રૂપમાં સવાલ)

1. Read the following sentences and study their Gujarati equivalents :—

1. I know *that* he is coming. (મને ખબર છે કે તે આવે છે.)
2. I don't know *when* he is coming. (મને ખબર નથી કે તે ક્યારે આવે છે.)
3. I want to know *where* he went. (તે ક્યાં ગયો તે મારે જાણવું છે.)
4. I ask you *why* you play there. (તમે ત્યાં શા માટે રમો છો તે હું તમને પૂછું છું.)
5. Tell me *how* you will go. (તમે કેવી રીતે જશો તે મને કહો.)

Italics માં મૂકેલા શબ્દોની બન્ને બાજુ એકેક વાકય છે. તે શબ્દ બન્ને વાકયને જોડી આપે છે માટે એને શું કહેશો? એમાંના પહેલા સિવાય બધા Adverb જેવા લાગે છે. પણ એ બધા Conjunctions છે (એ શબ્દોને આપણે Adverb Conjunctions કહીશું.)

હવે કહો કે એ વાકયો Statements છે કે Questions? (મૂખ્ય વાક્ય જોતાં કહેવું પડશે કે દરેક વાક્ય Statement છે જોકે ઉપ-વાક્યમાં Question સમાયો છે.)

એકજ વાક્ય એકી વખતે Statement અને Question માં નહિ હોઈ શકે. માટેજ એમાંથી question નું ચિહ્ન ઉડાવી દીધું છે. Question નું ચિહ્ન ઉડી જાય એટલે સાથે સાથે Question વાળી વાક્યરચના પણ નિરર્થક ગણાય.

યાદ રાખો:—ગુજરાતી અને અંગ્રેજીમાં ઉપર બતાવ્યા પ્રમાણેનાં વાક્યોમાં કંઈક ભેદ પડી જાય છે. ગુજરાતીમાં ઉપવાક્યમાં Question નું રૂપ કાયમ રહે છે ત્યારે અંગ્રેજીમાં તે ઉડી જાય છે.

2. Combine each pair of the following sentences into a single sentence :— (સવાલવાળું વાક્ય ઉપવાક્ય થશે અને સવાલવાળી વાક્યરચના ઉડી જશે તેથી સવાલ પૂરતાંજ લીધેલાં સહાયકારી (do કે did) પણ ઉડી જશે):—

(1) Where will you read ? I want to know.
(2) For whom are you taking this umbrella ? Tell me.
(3) How did he solve this example ? I ask you.
(4) Why have they come so soon ? Find out.
(5) Where has he gone ? Inquire.
(6) Whom do you worship ? I do not know.

3. Now read the following sentences :—

(1) Can you tell me when they are returning ?
(2) Do you know why they played matches for four days ?
(3) Are you going to inquire how they reached there so soon ?
(4) Has he told you where we shall look for them ?
(5) Will you find out what she wants ?

ઉપરનાં વાક્યોના ત્રણ ભાગ પાડી મુખ્ય વાક્ય, સંયોજક $\left(\frac{\text{Conjunction}}{\text{Connective}}\right)$ અને ઉપવાક્ય બતાવો:—

મુખ્ય વાક્ય-Statement છે કે Question ? (Question).

ઉપવાક્ય કેવું છે ? (Question જેવું); ઉપવાક્યમાંથી સવાલનું રૂપ કેમ કાઢી નાખ્યું છે તે પાઠની શરૂઆતમાં આપેલી સમજુતીથી ધ્યાનમાં આવશે.

નોંધ:—આખું વાક્ય Statement કે Question કહેવાય તેનો આધાર મુખ્ય વાક્યપર છે. અંગ્રેજીમાં ઉપવાક્યમાં સવાલનું રૂપ રહી શકતું નથી.

4. **Combine the following pairs of sentences into one sentence each :—**

(1) From where have they brought it ? Do you know ?
(2) Why have they slept so long ? Who will tell me ?
(3) How long will they stay ? Which of you knows ?
(4) How often do they talk ? Have you asked ?
(5) What o'clock is it ? Shall you tell me ?

5. હવે નીચે પ્રમાણેનાં વાક્યો જોડવાં હોય તો શું કરવું તે જુઓ:—

(1) Is he an Englishman ? Tell me.
(2) Does he know Marathi ? Ask him.
(3) Can she lay eggs ? The hen asks the swan.
(4) Are you afraid of thieves ? I want to know.
(5) Did you make a noise ? The teacher asks you.

નોંધ:—આ વાક્યો જોડનાર (Connective) આપ્યું નથી. માટે *if* કે *whether* Connective તરીકે વાપરવું. *e. g.*

Tell me whether / if he is an Englishman.

Ask him *whether* he knows Marathi.
The hen asks the swan *if* she can lay eggs.
I want to know *whether* you are afraid of thieves.
The teacher asks you *if* you made a noise.

6. **Combine the following sentences as shown above :—**

(1) Is it a ewe ? Tell me.
(2) Was he ill ? Inquire.
(3) Did you break the chimney ? I must know.
(4) Have you played enough ? Speak out.

(5) Is the earth round or square ? Do you know ?

(6) Does the sun go round the earth ? Answer.

(7) Should we ill-treat each other ? Please tell me.

(8) Is money dearer than life ? Consider.

(9) Shall we work for each other's happiness ? Let us decide.

(10) Can we ever deceive God ? This is my question.

નોંધ:—ઉપરનાં વાક્યમાં વપરાયલાં *if* અને નીચે આપેલાં વાક્યમાંનાં *if* નો અર્થ જુદો છે, તે ધ્યાનમાં રાખવું.

If you are ill, stay in the home.

If you have faith in God, all misery is for your happiness.

LESSON XIII

CONJUNCTIONS

૧. તમે શીખી ગયા છો કે A Conjunction is a joining word. It joins at least two words or phrases or sentences. વળી તમે એ પણ જોયું છે કે Conjunction થી જોડાતાં વાક્યો સ્વતંત્ર હોઈ શકે, અથવા તો એક મુખ્ય અને બીજું ગૌણ હોઈ શકે.

સ્વતંત્ર વાક્યો જોડતાં Conjunctions, *and*, *or*, *but*, *so*, કે *therefore* વિષે તમે થોડું શીખ્યા છો.

and ને મળતાં Conjunctions, *both...and*, (=બન્ને), *as well as* (=તેમજ), *not only......but also*, (=એટલુંજ નહિ પણ) વિષે હવે કંઈક શીખશો. જેમ ભાષા વધારે ખેડાયેલી હોય તેમ સહેજપણ જુદો અર્થ બતાવવા જુદા જુદા શબ્દો કે વાક્યો હોય છે.

2. Read the following :—

(1) He is wise. You are wise.

(2) He is wise. He is clever.

(3) He played. He sang.

ઉપરનાં વાક્યોમાં and થી વાક્યો જોડી આપો તોયે ચાલે. પણ સહેજ અર્થપર ભાર આપવા માટે આમ લખીએ તો સારૂં :—

(1) He and you are both wise.

or

Both he and you are wise.

or

Not only he but also you are wise.

or

He is wise as well as you.

(2) **He is both wise and clever.**
He is wise as well as clever.
He is not only wise but also clever.

(3) **He both played and sang.**
He played as well as sang.
He not only played but sang also.

3. Rewrite the following sentences in as many other ways as you can :—

(1) **You may take an orange and an apple.**
(2) **The pupils broke the pane of the cupboard and the door.**
(3) **I love my country and make some sacrifice for it.**
(4) **Mahatma Gandhi is honoured and loved by most people.**
(5) **He will do it and also I.**
(6) **You should take it and eat it.**
(7) **He as well as you is to blame.**
(8) **I am determined to persevere and to pass.**
(9) **He did it wisely and well.**

નોંધ:—both...and, not only.........but also નો બરોબર ધ્યાનમાં લો. જે શબ્દપર ભાર આપવો છે તેની બરાબર આગળજ એને મૂકવો પડે છે.

4. But **નો અર્થ સારે એવાં બીજાં** Conjunctions:—

yet (તોયે), *still* (તોયે–છતાંયે), *nevertheless,*

Note To Teacher :—Please to guide the pupils in the correct use of *as well as*. The word (subject) preceding it is more important and therefore the Verb agrees with it. *e.g.* He [as well as you] *is* wise. or *you* [as well as he] *are* wise. The safe course for pupils at this stage is to write this way :—

He is wise as well as you.

or

You are wise as well as he.

however (એમ છતાં), *while* (અને / પણ).

He is wise but sometimes he says foolish things.

He is wise *yet* / still / however / nevertheless he says foolish things sometimes.

પણ બે જુદી જુદી વસ્તુના ગુણદોષો બતાવતી વખતે *but* ને બદલે *while* (Conjunction) મુકાય છે. *e. g.* You are wise while he is silly.

5. **Study carefully the following sentences :—**

He has riches but (=yet-still-however) he is not happy.

Mohan played (but-while) Raman sang.

6. **Rewrite the following sentences in as many ways as you can.**

(1) **Give him two rupees. He will not be satisfied.**

(2) **He took him to the temple. He did not pray.**

(3) **He walked fast. He could not catch the train.**

(4) **He came late. He finished his work in time.**

(5) **The book is not lost. It is stolen.**

(6) **He is dull. He is clever.**

(7) **Mend it. Do not end it (use 'but')**

(8) **We shall go. You shall stay.**

(9) **You tried your best. You did not succeed.**

7. Or (અથવા) ને મળતાં Conjunctions :—

either.................or

Or = (નહિતો) ને મળતાં *else, otherwise.*

Read the following sentences :—

Magan or Chhagan has got the book. (=*Either Magan or Chhagan has got the book.*)

Ramoo has hidden the glass or broken it. (=*Ramoo has either hidden the glass or broken it.*)

Tell the truth or you will be punished. (=*Tell the truth* *else* / *otherwise* *you will be punished.*)

8. Replace '*or*' by '*either....or*' '*otherwise*' or '*else*' in the following sentences :—

(1) Do as I say or I shall dismiss you.
(2) You may take a pencil or a pen.
(3) He must be a fool or a rascal.
(4) Run fast or you will be late for school.
(5) Catch the Delhi Express or you will not be able to see your friend.
(6) Catch the first train or do not go at all.
(7) You can go by boat or rail.
(8) Be regular in your studies or you will grow lazy.

નોંધ :—either......or નો ઉપયોગ બરાબર ધ્યાનમાં રાખો. જેજે શબ્દને એ ભાર આપે છે તેની બરાબર પૂર્વે either......or મુકાય છે.

e.g. **Either you or he broke it.**
You have either broken it or lost it.
Borrow either a pen or a pencil.

To the Teacher :—'as well as' (=and), either.......or need to be used carefully in such sentences : Either he or *you have* broken it. Either you or *he has* broken it. The Verb agrees with the subject immediately preceding it (which is in that respect unlike the use of 'as well as'). The pupils may be guided that way. It is safer therefore to use a construction as follows :—

Either he has broken it or you.
Either you have broken it or he.

9. તમને ખબર છેકે either થી ઉલટા અર્થવાળો શબ્દ neither છે. અને 'or' થી ઉલટો 'nor' છે. માટે 'either...or' થી ઉલટા અર્થવાળું Conjunction phrase 'neither... nor,' છે.

$$\text{neither} \ldots \text{nor} = \frac{\text{or not}}{\text{and not}}$$

either......or જેવી જ વાક્યરચના neither......nor ની હોય છે. માટે આ સ્થળે તેનો ઉપયોગ સરળતાથી ધ્યાનમાં રહેશે.

10. Read the following sentences :—

(1) Neither Magan bought the ticket nor Chhagan. (=Both Magan and Chhagan did not buy the ticket. Magan did not buy the ticket nor Chhagan.
Magan did not buy the ticket, Chhagan did not buy it either).

(2) Magan was neither wise nor clever. (=*Magan was not wise, he was not clever.*)

(3) He neither sings nor sits. (=*He does not sing or sit.*)

(4) Magan bought neither a book nor a cap. (=*Magan did not buy a book or a cap.*

11. Rewrite the following sentences, by using '*neither....nor*' :—

(1) Town is not an Adverb. Nor is it a Pronoun.
(2) Do not be a borrower. Do not be a lender.
(3) Most of us are not saints or scoundrels.
(4) There was no pond. There was no river.
(5) The lunatic does not either sleep or sit quietly.
(6) You can not do for this job. He also can not do.
(7) I do not wish to be a king. I do not wish to be a rich man either.
(8) A truthful man does not care for the frowns or the favours of the rich.
(9) I do not want either your money or advice.
(10) Do not grumble. Do not worry.

LESSON XIV
PREPOSITIONS

Since, Till, (Until), For, During, Ago.

તમે *from* નો ઉપયોગ તો શીખી ગયા છો.

from Bombay = (સ્થળ).

from ten = દશ વાગ્યાથી (વખત).

(1) He worked for six months from June.
(2) He will attend school from Tuesday next.
(3) He has begun to read from nine.

વખત બતાવે ત્યારે અને છેલ્લા વાક્ય જેવાં વાક્યોમાં from ને બદલે અંગ્રેજીમાં 'since' (Preposition) પણ વપરાય. *e. g.* He has begun to read since nine. He has been absent from Monday last or he has been absent *since* Monday last. (ગયા સોમવારથી તે ગેરહાજર છે.)

They have been working from (or since) morning.
We have not eaten any food from (or since) last evening.

નોંધ :—from નો ઉપયોગ સામાન્ય છે. અને તે દરેક કાળના ક્રિયાપદની સાથે વપરાય છે. ત્યારે 'since' ફક્ત Present Perfect Tense સાથેજ વપરાય છે.

2. Substitute *since* for *from* wherever possible in the following sentences :—

(1) The train departed from Navasari.
(2) He has been running along from five.
(3) It has arrived here from Sachin.
(4) We shall travel from six to nine.
(5) We have been sitting here from eleven.
(6) He has been away from the New Year day.
(7) They have struck work from Wednesday last.

Note the use of '*since*' and '*ago*' in the following sentences :—

(1) They went to Kenya four years ago.

(ચારવર્ષ પૂર્વે તેઓ કેનિયા ગયા હતા.)

(2) Since they went there, they have not written even once.

(તેઓ ત્યાં ગયા ત્યારથી તેઓએ એકેવાર કાગળ લખ્યો નથી.)

Since they went=since that time or since then.)

(3) He joined this school two months ago.

(4) Since he joined the school he has not been absent even for a day.

(Since he joined the school=Since that time or since then)

નોંધ :—'*ago,*' Preposition ની માફક નામની આગળ મુકાતું નથી પણ પાછળ મુકાય છે. *e. g.* four years ago, two months ago, three weeks ago. વગેરે. અને તેનો અર્થ sometime before–આજથી પહેલાં એમ થાય છે. માટે હમેશાં તેની પૂર્વેનું વાકય ભૂતકાળનુંજ હોવું જોઇએ. *e. g.* He came here two days ago.

નોંધ :—' *ago* ' Preposition જેવું છે છતાં વ્યાકરણમાં Preposition ગણાયું નથી. '*since*' Preposition પણ છે અને Conjunction પણ છે.

જ્યારે since બે વાકયોને જોડતું હોય ત્યારે જે ઉપવાકયની પૂર્વે એ મુકાયું હોય તે ભૂતકાળમાંજ હોવું જોઇએ. અને બીજું મુખ્ય વાકય Present Perfect Tense માંજ જોઇએ. *e. g.*

He *has been* ill since we last *saw* him.

[since થી જોડાયેલું ઉપવાકય (clause) વખત બતાવનાર Adverb તરીકે વપરાય છે]

3. Use '*ago*' or '*since*' to complete the sense in the following sentences :—

(1) He came here two days.
(2) He came here, he has not seen me.
(3) You have been playing morning.
(4) They fell from the tree a week.
(5) They have been under the doctor's treatment last Monday.

4. Correct the mistakes in the following sentences :—

(1) Since you have been rebuked you kept quiet (since : from the time.)
(2) He has gone a week ago and has not yet returned.
(3) Ago two days, you were sent for.
(4) Last week since we have had no school.
(5) Since our class-master was transferred we remained without a teacher (Since=from the day.)

નોંધ:—તે બે દિવસથી આવતો નથી. તે બુધવારથી આવતો નથી. એ બે વાક્યમાં point of time કયું વાક્ય બતાવે છે?

પહેલા વાક્યમાં 'બે દિવસ' duration (વખતનો ગાળો) બતાવે છે. અને બીજામાં બુધવારથી point of time (મુકરરપણું) બતાવે છે.

એ તો તમને યાદ છે કે point of time બતાવે ત્યારે ગુજરાતી 'થી' નું અંગ્રેજી 'since' થી પણ થાય છે.

5. Read :—

(1) He has not been coming *since* Wednesday.
(2) He has not been coming *for* two days.
(3) He has been reading *for* two hours.
(બે કલાકથી—થયાં—વાંચે છે).
(4) He has been reading since two.
(બે વાગ્યાથી વાંચે છે).
(5) He has been absent since last week.
(અઠવાડિયાંથી ગેરહાજર છે).

(6) **He has been playing since morning.**
(સવારથી તે રમ્યા કરે છે).

(7) **He has been playing for three hours.**
(ત્રણ કલાક થયાં તે રમ્યા કરે છે).

નોંધ:—જ્યારે 'થી' નો અર્થ 'થયાં' થઇ શકતો હોય તો સામાન્ય રીતે તેનું અંગ્રેજી *'for'* થી કરવું.

6. Use '*since*' or '*for*' in the following sentences :—

(1) The Congress has been existing....the last fifty-three years.
(2) It was first held in 1885. .... then it has had many ups and downs.
(3) Gandhiji has been guiding it .... the last 20 years.
(4) He has been its moving spirit .... 1919.
(5) .... 1908 it has been divided into two groups.

7. Read the following sentences :—

(1) He was late for two days.
(2) He will be again late *for* the next two weeks.
(3) We should not make them work for ten hours a day.
(4) For ten days beginning from Monday next, he is going out.
(5) Work for a few days more and you will succeed.
(6) He has gone on leave for a week.
(7) He is out for a day or two.

નોંધ:—ઉપરનાં બધાં વાક્યોમાં 'for' નો ઉપયોગ 'સુધી' થાય છે. અને એ પણ period or duration of time (અમુક વખતથી

અમુક વખત સુધીનો ગાળો) બતાવે છે. પણ 'થી' કે 'થયાં' વાળા ઉપયોગથી આ ઉપયોગ જુદો છે. ઉપરનાં કોઈ પણ વાકયમાં 'for' સુધીને બદલે 'since' વપરાય નહિ. એમાં point of time નો ભાવ લાવવો હોય તો આ રીતે લવાય (પહેલું વાકય લઈએ.)

He was late on Monday. He was also late the next day. (*i.e. on Tuesday.*)

He was late both on Monday and Tuesday.

એક વાકય લઈએ—

He has gone on leave from Monday to Sunday.

(Present Perfect Tense છે–માટે 'since' આ રીતે લાવી શકાય.)

He has gone on leave for a week since Monday last.

8. Give Gujarati equivalents for the following :—

(1) For the last five years the farmers have not been doing well.

(2) Magan has got on well with the class for the last two months.

(3) For about a month he has been quite irregular in his attendance.

(4) Work for eight hours and sleep for eight hours.

(5) The earth quaked for two minutes.

(6) He has been in sound health for the last two months.

LESSON XV

ADVERBS

1. You have learnt that an Adverb is added to a Verb. *e.g.,* He spoke wisely.

Read the following sentences :—

He is *immensely* glad to hear this news.

I am *terribly* angry with him.

An *awfully large* snake is lying there.

It is a *worderfully* bright star.

Italics માં મૂકેલાં શબ્દનાં રૂપ Adverb છે અને Adjectives ની પૂર્વે મુકાઈ તેના અર્થમાં કંઈક ઉમેરો કરે છે. માટે an Adverb is added to a Verb or to an Adjective. ઉપરનાં બધાં Adverbs ને બદલે very મૂકીશું તો પણ ચાલે. *e. g.* He is very glad. I am very angry. etc.

Remember :—*Very* is an Adverb.

2. Now read the following sentences :—

He spoke *very* wisely.

He wrote *very* badly.

He answered *fairly* well. (સાધારણ સારી રીતે)

ઉપરનાં બધાં વાક્યમાં Italics માં મૂકેલા શબ્દો 'Adverb' નાં અર્થમાં ઉમેરો કરે છે. તેમાં 'very' તો Adverb થાય એ તમે જોયું. અને Fairly ને તો રૂપ ઉપરથી પણ Adverb કહી શકશો. માટે

An Adverb is added to a Verb or an Adjective or another Adverb.

3. Now read the following :—

He speaks *satisfactorily.*

He speaks *fairly* satisfactorily.

He speaks *very* satisfactorily.
He speaks *quite* satisfactorily.
He speaks *most* satisfactorily.

આ વાક્યોમાં Italics માં મૂકેલા શબ્દો Adverbs તો છે પણ તે શું કામ કરે છે તે જુઓ. He speaks *satisfactorily* એ વાક્યમાં He speaks નાં અનેક રીતે બોલવાના અર્થમાંથી satisfactorily શબ્દથી સંતોષકારક રીતે બોલવાના અર્થમાં વાક્યના અર્થની હદ બાંધી. આ રીતે ક્રિયાપદનાં વિશાળ અર્થમાંથી કંઇક સંકુચિત અર્થ કરાવવાનું કામ Adverb નું થયું. આને માટે એક અંગ્રેજી શબ્દ છે તે યાદ રાખો (modify).

હવે Adverb નું આ લક્ષણ યાદ રાખો:

An Adverb modifies a Verb, an Adjective or another Adverb.

ક્રિયાપદ ઉપરાંત Adjective કે બીજા Adverb નો અર્થ Adverb કેવી રીતે modify કરે છે તે તમારી મેળે સમજી લો.

4. **Point out the Adverb and the word it modifies in the following sentences :—**

They wrote well.
He is getting on quite well.
You have happily come in time.
He looks wildly angry.
He is so sad that he does not talk.
He is too ill to stand.
He hit admirably.
You look so very angry that the child is afraid of you.
I am very pleased. (Pleased is an Adjective)
Do not talk much.
Do not talk little.
The more you talk now the less we shall listen to you.

(જેમ જેમ હવે વધારે બોલશો તેમ તેમ અમે ઓછું જ ધ્યાન દઈને સાંભળીશું.)

He punished him more than me.

5. Use an appropriate *Adverb* in the following blanks :—

(1) The boys talked ....

(2) They talked .... loudly than we.

(3) We are .... much disturbed.

(4) Do not beat me ....

(5) You write ....

(6) It was a .... bright star.

(7) Your book is .... new.

(8) She sings .... well.

(9) They were .... tall people.

LESSON XVI

SEQUENCE OF TENSES :

1. Read the following sentences :—

We knew that he *would* not come. (=હુમને ખબર હતી કે તે આવશે નહિ.)

(will નો ભૂતકાળ would).

Did you say that I *should* be punished ? (=મને શિક્ષા કરવામાં આવશે એવું તમે કહ્યું હતું ?)

(shall નો ભૂતકાળ should)

Who told you that there *was* an earth-quake at Simla ? (=સીમલામાં ધરતીકંપ થયો છે એ તમને કોણે કહ્યું ?)

How did you learn that the boy *was* in Bombay ? (=છોકરો મુંબઈમાં છે એ તમે કેવી રીતે જાણ્યું ?)

Did you know that the boys *were* in Bombay ? (=છોકરા મુંબઈમાં રહે છે એ તમે જાણ્યું ?)

I inquired whether Magan *was* coming. (=મગન આવે છે કે નહિ એમ મેં પૂછ્યું.)

I soon discovered that he *was* a cheat. (=તે છેતરપીંડી કરવાવાળો છે એમ મેં થોડી વારમાં જાણ્યું.)

You found out that she *had* not told a lie. (=તમને માલૂમ પડયું કે તે જૂઠું બોલી ન હતી.

I was of opinion that he *could* not run two miles.(=મારો મત એવો હતો કે તે બે માઈલ દોડી શકે નહિ.

ઉપરની વાક્યરચના તપાસતાં માલૂમ પડશે કે ગુજરાતી અને અંગ્રેજી વાક્યરચના જુદી છે.

અંગ્રેજીમાં ભૂતકાળની બાબત બને ત્યાંસુધી ભૂતકાળનાંજ ક્રિયાપદ લઇ બનાવવી પડે છે.

Shall, will, can નું ભૂતકાળનું રૂપ અનુક્રમે should, would, could થાય છે. (may નું might)

2. આ વાકયો પાછાં જુઓ :—વાક્યના બે ભાગ છે. તેમાં એક મુખ્ય વાક્ય છે, અને બીજું ગૌણ,–ઉપવાકય (Clause) છે. મુખ્ય વાક્ય ભૂતકાળમાં છે. અને એ મુખ્ય વાક્યના ક્રિયાપદના કાળની અપેક્ષાએ ગૌણ વાક્યની ક્રિયા– ભવિષ્ય–વર્તમાન કે પૂર્ણ વર્તમાનકાળની છે.

ગુજરાતીમાં તો સામાન્ય રીતે તે તે કાળ તેમજ દર્શાવાય છે. પણ અંગ્રેજીમાં ફેરફાર કરવો પડ્યો છે, એ તમે જોયો છે. એટલે અંગ્રેજીમાં આ પ્રમાણે કાળના બીજા ભેદ પડે છેઃ—

shall go
will go } ભવિષ્યકાળ (આજથી–વર્તમાનકાળથી આવવાનો વખત.)

should go
would go } ભૂતકાળના ક્રિયાપદની અપેક્ષાએ આવતો ભવિષ્યકાળ એટલે ભૂતકાળમાંનો ભવિષ્યકાળ

એજ રીતે—

can go
is goes
are going
has gone } વર્તમાનકાળ
સાદો, ચાલુ અને પૂર્ણકાળનાં રૂપો.

could go
went
was / were going
had gone } મુખ્ય વાકયનાં ભૂતકાળના ક્રિયાપદની અપેક્ષાએ થતાં રૂપો.

નોંધ :—મુખ્ય વાકયનું ક્રિયાપદ ભૂતકાળમાં હોય તો ગૌણ વાકયના ક્રિયાપદનો કાળ તેને અનુરૂપ લખવો.

૩. આ બાબત હજી વધુ સ્પષ્ટ કરીશું. જુઓ :—

I	II	III
He comes.	He came.	He will come.
He is coming.	He was coming.	He will be coming.
He has come.	He had come.	He will have come.
He has been coming.	He had been coming.	He will have been coming.

Come ક્રિયાપદ લઈ તેનાં અગત્યનાં રૂપો ઉપર લખ્યાં છે. હવે તેના આવવા વિષેની ઉપર આપેલી હકીકત 'know' ક્રિયાપદના એક અંગ (કર્મ) તરીકે જોડી આપીશું તો શું થાય તે જુઓ :—

I know that } **he came.**
I shall know that } **he was coming.**

(વગેરે કાયમ રહેશે. કારણ સ્પષ્ટ છે.)

I knew ની સાથે એ વાક્ય જોડીશું તો શા ફેરફાર થાય તે પર વિચાર કરો :

બધાં વાક્યોના ભાવ આવી જવા જોઈએ એ ધ્યાનમાં રાખવું.

(I)

I knew that **he came** / **he was coming** = હું જાણતો હતો કે તે આવે છે.

(II)

I knew that **he had come.** / **he had been coming.**

(બે ભૂતકાળની ક્રિયામાં પૂર્વે બનેલી ક્રિયા.)

(III)

I knew that
he would come.
he would be coming.
he would have come.
he would have been coming.

નોંધ :—

I knew that he had come.
I knew that he had been coming.

આ બન્ને વાક્યોના બબ્બે અર્થ થાય છે. અર્થ બરાબર ધ્યાનમાં રાખો.

(હું જાણતો હતો કે તે આવ્યો છે; આવેલો છે.)

(હું જાણતો હતો કે તે આવ્યો હતો; આવેલો હતો.)

4. He learnt નાં કર્મરૂપે નીચેનાં Clauses ને મૂકી આપો :—
(He learnt that......).

(1) Magan plays everyday.
(2) Ramchandra is going for a walk.
(3) Ramesh has gone on a pilgrimage.
(4) Vyas has been whiling away his time.
(5) Sushila wrote well.
(6) Sumitra was talking gently.
(7) Savita will not be friends with Subhag.
(8) Shirin will be leaving school.
(9) Mrs. Mehta will have taken to educating the poor.
(10) Miss Manorama will have been doing useful work.

5. Correct the following sentences where necessary :—

(1) He asks me why I do not mix with these boys.
